



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 59 | AD - 2025, Magshar Sud -12 | Tuesday, Dt.02-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### બીએલઓની ભીડને કાબુમાં લેવા પોલીસ દળને તૈનાત કરવાની ફરજ પડી

# કોલકાતામાં ચૂંટણી પંચ કાર્યાલયની બહાર બીએલઓનો ભારે હોબાળો

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧

પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર પ્રક્રિયામાં રોકાયેલા બીએલઓએ સોમવારે કોલકાતામાં વિરોધ કર્યો. આ દરમિયાન, બીએલઓએ કોલકાતામાં ચૂંટણી પંચ કાર્યાલયની બહાર હોબાળો મચાવ્યો. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે બીએલઓને રોકવા માટે ભારે પોલીસ દળ તૈનાત કરવું પડ્યું. પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર પ્રક્રિયામાં રોકાયેલા બીએલઓ છેલ્લા ઘણા દિવસોથી વિરોધ કરી રહ્યા છે. ગયા અઠવાડિયે, એક વિરોધ પ્રદર્શન દરમિયાન, બીએલઓએ રાજ્ય ચૂંટણી કમિશનરની ઓફિસમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. ચૂંટણી પંચે કોલકાતા પોલીસ કમિશનરને પત્ર લખીને ચૂંટણી કમિશનરની સુરક્ષામાં થયેલી ખામીને અત્યંત ગંભીર ગણાવી હતી અને ચૂંટણી અધિકારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. એસઆઈઆર પ્રક્રિયામાં રોકાયેલા બૂથ લેવલ ઓફિસરો ભારે કામના દબાણનો આરોપ લગાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે એસઆઈઆર પ્રક્રિયાને કારણે તેઓ અમાનવીય તણાવનો સામનો કરી રહ્યા છે. બીએલઓ દ્વારા આ વિરોધ એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે બંગાળ સહિત ૧૨ રાજ્યોમાં એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી છે. તે જ સમયે, દેશભરમાં ઘણા બીએલઓના ભારે કામના ભારણને કારણે મૃત્યુ થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પરિવારોનો આરોપ છે કે બીએલઓ પર વધુ પડતા કામના ભારણનો બોજ પડી રહ્યો છે.



પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ સામે બ્લોક લેવલ ઓફિસર્સનો વિરોધ અવિરત ચાલુ છે. તૃણમૂલ કોંગ્રેસ સમર્થિત બીએસએલ સંગઠનના સભ્યોએ મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય સામે હંગામો કર્યો અને સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે પ્રદર્શનકારીઓને રોકવામાં આવ્યા, ત્યારે પોલીસ સાથે ઉગ્ર ઝપાઝપી થઈ. ઘણા બીએલઓ તો રસ્તા પર બેસી ગયા. તેમાંથી એકે ગુસ્સામાં કહ્યું, અમે સવારથી કલાકો સુધી અહીં બેઠા છીએ. અમે ઘણી વાર વિનંતી કરી છે, પણ કંઈ થઈ રહ્યું નથી. અમે સીઈઓને મળ્યા વિના જવાના નથી. મૃતક બીએલઓનો પરિવાર આવ્યો છે, પણ તે અમને કેમ નહીં મળે? શું તે વીઆઈપી બની ગયો છે? મૃતક બીએલઓના પરિવારે કહ્યું, ચૂંટણી પંચ વિલંબ કરી રહ્યું છે. મારા દાદાનું નામ ઝાકીર હુસૈન હતું. તેમના પરિવારને ખબર હતી કે તેઓ આવશે, છતાં તેઓ હજુ પણ વિલંબ કરી રહ્યા છે. અમે સમગ્ર ઘટનાની યોગ્ય તપાસની માંગ કરીએ છીએ. જો એસઆઈઆર કરાવવી હોય, તો તે યોગ્ય આયોજન સાથે કરાવવી જોઈએ. એસઆઈઆર આયોજન વિના કરાવી શકાતું નથી. મેં મારા દાદા ગુમાવ્યા છે; કમિશને વળતર આપવું જ જોઈએ. બીએલઓ કોલકાતામાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની ઓફિસ પર પહોંચ્યા અને બેરિકેડ તોડીને પ્રવેશવાનો પ્રયાસ કર્યો. વિરોધ કરી રહેલા બીએલઓએ ભાજપ નેતા સુવેન્દુ અધિકારી, જે મેમોરેન્ડમ આપવા આવ્યા હતા, તેમની વિરુદ્ધ 'પાછા જાઓ' ના નારા પણ લગાવ્યા. તૃણમૂલ બીએલઓ અધિકાર સુરક્ષા સમિતિએ પણ વિરોધમાં ભાગ લીધો હતો. દરમિયાન, વિપક્ષના નેતાએ ટીએમસી પર બીએલઓને ઉશ્કેરવાનો અને મતદાર યાદીમાં છેડછાડ કરવા માટે તેમનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપ કહે છે કે તે ગેરરીતિઓ અંગે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને ફરિયાદ કરશે અને રાજ્યની તેમની મુલાકાતની માંગ કરશે.

# સંસદના શિયાળુ સત્રમાં બંને ગૃહોમાં એસઆઈઆર અને મત ચોરીના આરોપો પર હોબાળો

ન્યુ દિલ્હી,તા.૦૧

સંસદનું શિયાળુ સત્ર સોમવારે શરૂ થયું. બંને ગૃહોમાં SIR અને મત ચોરીના આરોપો પર હોબાળો જોવા મળ્યો. વિપક્ષ ચર્ચા પર અડગ છે. દરમિયાન, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભાને માહિતી આપી કે સરકાર SIR અને ચૂંટણી સુધારાઓ પર ચર્ચા કરવા તૈયાર છે. મીડિયા અહેવાલો અનુસાર, સરકાર વંદે માતરમ્ ગીતની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ગૃહમાં ૧૦ કલાકની ચર્ચા કરી શકે છે. આ



ચર્ચા ગુરુવાર અથવા શુક્રવારે થઈ શકે છે. પીએમ મોદી પોતે ભાગ લઈ શકે છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ રાજ્યસભાની વ્યાપાર સલાહકાર સમિતિની બેઠકમાં શાસક પક્ષના ઘણા સભ્યોએ આ ચર્ચાનો પ્રસ્તાવ મૂક્યો હતો. હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. આજના સત્ર પહેલા, પીએમ મોદીએ સંસદની બહાર ૧૦ મિનિટ સુધી મીડિયા સાથે વાત કરી. તેમણે કહ્યું, ''આ સત્ર હારની હતાશા અથવા જીતના ઘમંડનું મેદાન ન બનવું જોઈએ. સભ્યોની નવી પેઢીએ અનુભવનો લાભ લેવો જોઈએ. લોકસભામાં હોબાળા વચ્ચે મણિપુર GST (બીજો સુધારો) બિલ ૨૦૨૫ અને સેન્ટ્રલ એક્સાઈઝ (સુધારો) બિલ રજૂ કરવામાં આવ્યા હતા. નાણામંત્રી નિર્મલા સીતારમણે હોબાળા વચ્ચે આ બિલ લોકસભામાં રજૂ કર્યા હતા. નાણામંત્રીએ આરોગ્ય સુરક્ષા તરફથી રાષ્ટ્રીય સુરક્ષા સેસ બિલ પણ રજૂ કર્યું છે.

# પં.બંગાળમાં SIRને કારણે મતદારોના મતાધિકારથી વંચિત રહેવાના આરોપો અતિશયોક્તિપૂર્ણ : ચૂંટણી પંચ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧

ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અંગે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું છે. આ સોગંદનામામાં, ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને કારણે મોટા પાયે મતદારોના મતાધિકારથી વંચિત રહેવાના આરોપો અતિશયોક્તિપૂર્ણ છે. કમિશને જણાવ્યું છે કે આ નિહિત રાજકીય હિતોને પૂર્ણ કરવા માટે કરવામાં આવી રહ્યું છે. સાંસદ ડોલા સેને ૨૪ જૂન અને ૨૭ ઓક્ટોબર,



૨૦૨૫ ના રોજ જારી કરાયેલા એસઆઈઆર આદેશોની માન્યતાને પડકારતી જાહેર હિતની અરજી દાખલ કરી છે. કમિશન દ્વારા દાખલ કરાયેલા પ્રતિ-સોગંદનામામાં, કમિશને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્રક્રિયા બંધારણીય રીતે ફરજિયાત, સુસ્થાપિત અને નિયમિતપણે હાથ ધરવામાં આવે છે.

ચૂંટણી પંચ દલીલ કરે છે કે મતદાર યાદીઓની ચોકસાઈ અને અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે આ પ્રક્રિયા જરૂરી છે, જેમ કે સુપ્રીમ કોર્ટે ટી.એન. શેષન, સીઈસી વિરુદ્ધ ભારત સંઘ (૧૯૯૫) ના કેસમાં માન્યતા આપી હતી. કમિશને ભારપૂર્વક જણાવ્યું હતું કે એસઆઈઆર બંધારણની કલમ ૩૨૪ અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૧૫, ૨૧ અને ૨૩ પર આધારિત છે, જે ચૂંટણી પંચને જરૂર પડે ત્યારે મતદાર યાદીઓમાં વિશેષ સુધારા કરવાની સત્તા આપે છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર યાદીમાં મોટા પાયે ઉમેરાઓ અને કાઢી નાખવા એક નિયમિત પ્રથા બની ગઈ છે, જેના કારણે ડુપ્લિકેટ અને ખોટી એન્ટ્રીઓનું જોખમ વધી રહ્યું છે. પંચે જણાવ્યું હતું કે આ ચિંતાઓ અને દેશભરના રાજકીય પક્ષો તરફથી સતત ફરિયાદોને કારણે, તેણે અખિલ ભારતીય સ્તરે એક ખાસ, ઊંડાણપૂર્વકનું પુનરાવર્તન કરવાનો નિર્ણય લીધો છે.

# ચક્રવાત દિતવાહને કારણે પુડુચેરીમાં ભારે વરસાદ, શાળાઓ બંધ

ચેન્નાઈ,તા.૧

શ્રીલંકામાં વિનાશ વેર્યા પછી, ચક્રવાત દિતવાહ ભારત તરફ આગળ વધી રહ્યું છે. જોકે, હવામાનશાસ્ત્રીઓ માને છે કે વાવાઝોડું નબળું પડી જશે અને





ભારતીય દરિયાકાંઠે પહોંચતા પહેલા ઊંડા ડિપ્રેશનમાં ફેરવાઈ જશે. આ વાવાઝોડું તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠેથી લગભગ ૩૦ કિલોમીટર દૂર વિખેરાઈ જશે. જોકે, આના કારણે દેશના દક્ષિણપૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદ પડ્યો છે. આનાથી પાકને અસર થઈ છે. ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ રહ્યા છે, અને લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ભારે વરસાદની શક્યતાને કારણે પુડુચેરીમાં શાળાઓ બંધ રાખવામાં આવી છે. પુડુચેરીના ગૃહમંત્રી એ. નમસ્સ્વયમે જણાવ્યું હતું કે ભારે વરસાદને કારણે ૧ ડિસેમ્બરે સરકારી અને સરકારી સહાયિત શાળાઓ બંધ રહી હતી. દરમિયાન, તમિલનાડુમાં ભારે વરસાદ લોકોને નોંધપાત્ર અસુવિધા પહોંચાડી રહ્યો છે.

ચક્રવાત દિતવાહને કારણે તમિલનાડુના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો છે. ખાસ કરીને નાગપટ્ટિનમ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે.












# મુખ્યમંત્રી સૌથી ઉચ્ચ કક્ષાના અધિકારી, તેમનાથી ઉપર કોઈ નથી : અજિત પવારે લીધો યુ-ટર્ન

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રમાં નગર પંચાયત અને મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન ૨ ડિસેમ્બર, મંગળવારના રોજ યોજાશે. મતદાન પહેલાં, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે તેમના નિવેદન પર યુ-ટર્ન લીધો છે. તેમણે કહ્યું છે કે ખજાના વિશેનું નિવેદન તેમના મોંમાંથી ગુસ્સામાં નીકળ્યું. અજિત પવારે કહ્યું છે કે મુખ્યમંત્રી સૌથી ઉચ્ચ કક્ષાના અધિકારી છે, અને તેમનાથી ઉપર કોઈ નથી. તેમણે કહ્યું કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે મહાયુતિ સરકારમાં કોઈ મતભેદ નથી અને વિકાસ બધા માટે છે, પછી ભલે તેમને મત મળે કે ન મળે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીના પ્રચાર દરમિયાન, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. થોડા દિવસો પહેલા, ચૂંટણી રેલીઓ દરમિયાન, તેમણે જાહેર કર્યું હતું કે, "મત નહીં, ભંડોળ નહીં," અને "મારી પાસે રાજ્યની તિજોરીમાં મુખ્યમંત્રી કરતાં વધુ ભંડોળ છે." આ નિવેદનથી વિપક્ષ તરફથી હોબાળો મચી ગયો હતો.




# વડીયાના ખજૂરી ગામે વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત



વડીયા,તા.૦૧

વડીયા તાલુકાના ખજૂરી ગામે વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના કાયદા અને ઉર્જા મંત્રી તથા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ ગ્રામજનોને સંબોધિત કર્યા હતા. તેમણે વિકાસના કામોની ગુણવત્તા જાળવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. રાજય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ગ્રામજનોને સ્પષ્ટ અપીલ કરી હતી કે, ગામલોકો પાંચ-પાંચની ટીમ બનાવીને કામોની ગુણવત્તા પર સતત નજર રાખે અને તે એસ્ટીમેન્ટ પ્રમાણે છે કે નહીં તે ચકાસે. રાજયમંત્રીએ વધુમાં ભારપૂર્વક જણાવ્યું કે, જો કોઈ કોન્ટ્રાક્ટર નબળું કામ કરે તો કોઈપણ પ્રકારની બાંધછોડ કર્યા વગર સીધું ધ્યાન દોરવામાં આવે. ગામના વિકાસના કામો મજબૂત બને અને ૧૦ વર્ષ સુધી ટકી રહે તે માટે ગામલોકોએ જાગૃત થવું પડશે. તેમણે રાજય અને કેન્દ્ર સરકારે અમરેલી જિલ્લા માટે ઉદાર હાથે પૈસા ફાળવ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક સહિત વડીયા અને કુંકાવાવ પંથકના અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**કોઈ કોન્ટ્રાકટર નબળું કામ કરે તો તાત્કાલિક ધ્યાન દોરો : રાજ્યમંત્રી કૌશિક વેકરીયા**

# ધારાસભ્ય મેવાણીના નિવેદનના સમર્થનમાં રાજુલા કોંગ્રેસનું આવેદન



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૦૧

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા રાજ્યમાં વ્યાપક દારૂ-ડ્રગ્સ અને તેમાં પોલીસની શંકાસ્પદ ભૂમિકા અંગે ઉઠાવવામાં આવેલા ગંભીર પ્રશ્નોના સમર્થનમાં આજે રાજુલા કોંગ્રેસ પરિવારે ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ધારાસભ્ય મેવાણીએ યુવાનોના ભવિષ્ય, કાયદો-વ્યવસ્થા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા માટે આ મુદ્દાઓ જાહેર મંચ પર ઉઠાવ્યા હતા. આવેદનપત્રમાં સાત જેટલા વિવિધ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. કોંગ્રેસ પરિવારે આ બાબતે રાજ્ય સરકાર દ્વારા યોગ્ય અને સખત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી છે.

# ધારીના હિરાવા પ્રા.શાળાનો વિદ્યાર્થી ૩૦ મીટર દોડમાં જિલ્લામાં દ્વિતીય



અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ-૨૦૨૫માં ધારી તાલુકાની હિરાવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ડાભી જય અરવિંદભાઈએ અન્ડર-૯ દોડ (૩૦ મીટર) સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ હિરાવા પ્રાથમિક શાળા પરિવાર તથા આચાર્ય દ્વારા ડાભી જય અરવિંદભાઈને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**બગસરા તાલુકામાં ચાલી રહેલી એસઆઈઆરની કામગીરી બાબતે**

# પ્રદેશ ભાજપ પ્રમુખે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ સાથે ટેલિફોનીક મોનિટરિંગ કર્યું



બગસરા,તા.૦૧

ગુજરાત રાજ્યમાં ચૂંટણી પંચના આદેશથી ચાલી રહેલી એસઆઈઆર કામગીરીમાં લોકોની સક્રિય ભાગીદારી વધારવા માટે રાજ્યકક્ષાએથી મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત, બગસરા તાલુકાની કામગીરીની સમીક્ષા થઈ હતી. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માએ બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર સાથે ટેલિફોનીક વાતચીત કરી હતી. તેમણે બગસરા વિસ્તારમાં ચાલી રહેલી બુથ લેવલ ઓફિસર દ્વારા મતદારોની ચકાસણીની કામગીરી બાબતે માહિતી મેળવી હતી. જગદીશભાઈ વિશ્વકર્માએ પક્ષના કાર્યકરોને આ કામગીરીમાં સ્વયંભૂ જોડાઈને મદદરૂપ થવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જ્યાં પણ કામગીરીમાં રોકાયેલા લોકોને સહકારની જરૂર જણાય, ત્યાં કાર્યકરોએ મદદરૂપ થવું. પક્ષના પ્રમુખ તરીકે તેમની આ પહેલથી તાલુકા કક્ષાના હોદ્દેદારો અને કાર્યકરોમાં નવો જોશ આવ્યો છે.

# ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અમરેલી દ્વારા "અમૃત ખેડૂત બજાર"નું આયોજન



અમરેલી,તા.૦૧

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અમરેલી દ્વારા "અમૃત ખેડૂત બજાર"નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બજારમાં પ્રાકૃતિક ખેતી કરતા કુલ ૯ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ દ્વારા વિવિધ કૃષિ પેદાશો તેમજ પ્રાકૃતિક ખેતી આધારિત મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા પંચાયત ખાતે આયોજિત આ બજારમાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત અનાજ, શાકભાજી, દાળ, ઘઉં, તેલ, ગોળ, આચાર, દવાઓ, તથા ગૌ આધારીત ઉત્પાદનો અંગે નાગરિકોમાં ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

# સાવરકુંડલામાં પોલીસ જવાનોએ ઘાયલ શ્વાનનો જીવ બચાવ્યો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૧

થોડા દિવસ પહેલાં સાંજના સમયે સાવરકુંડલા રેલવે સ્ટેશન નજીક પોલીસ ચોકીની સામેના રેલવે ટ્રેક પર એક શ્વાન (કૂતરું) ટ્રેન નીચે આવી જતાં તેનો એક પગ કપાઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં ટ્રેક પર તડપતા આ નિરાધાર પ્રાણીને જોઈ પોલીસ જવાનો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે શ્વાનનો જીવ બચાવવા તેને બેગમાં ઉપાડીને ટ્રેકની બહાર લાવીને તુરંત જ વેટરનરી ડોક્ટરને બોલાવી તેની સારવાર કરાવી હતી. ઘણી મહેનત પછી આ શ્વાનનો જીવ બચી ગયો છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ગુજરાત પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા જ નહીં, પરંતુ નિરાધાર જીવો પ્રત્યે પણ સંવેદનશીલ અને મદદગાર છે.

**વર્ષો જૂના પૂરના પ્રશ્નનો કાયમી ઉકેલ આવશે**

# જનક તળાવીયાના પ્રયત્નોથી વાંડળીયા ગામે સંરક્ષણ દિવાલના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી

**મજબૂત RCC સ્ટ્રક્ચરથી ખેતી અને પશુધનને મળશે સુરક્ષા, ગ્રામજનોમાં આનંદ**



બાબરા, તા.૦૧

બાબરા તાલુકાના વાંડળીયા ગામના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગામના વર્ષો જૂના અને ગંભીર એવા પૂરના પ્રશ્નને કાયમી ઉકેલવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગામની ભૌગોલિક સ્થિતિ, નદીની નજીક આવેલા વિસ્તાર અને ચોમાસામાં થતા પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને, ગામની સુરક્ષા માટે રૂ. ૪૩.૫૦ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલના નિર્માણને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૪૩.૫૦ લાખના બજેટમાં મજબૂત RCC સ્ટ્રક્ચરની દિવાલનું નિર્માણ કરવામાં આવશે. આ દિવાલ વરસાદી સિઝનમાં પાણીની દિશા બદલીને ગામને સુરક્ષિત રાખશે તેમજ નદી અને નાળાના વધતા પ્રવાહને નિયંત્રિત કરવા માટે તકનીકી રીતે સજ્જ હશે. આ આયોજનથી ગ્રામ્ય વિસ્તારની વસ્તી, ખેતીની જમીન અને પશુધનને સુરક્ષા મળશે. આ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, "વાંડળીયા ગામ મારા હૃદયની નજીક છે. અહીંના લોકો વર્ષોથી પૂરની સમસ્યાથી પીડાતા હતા. આજે આ દિવાલના નિર્માણને મંજૂરી મળતાં આનંદ છે કે હવે ગામ વધુ સુરક્ષિત બનશે. લોકોની સલામતી અમારી પ્રથમ પ્રાથમિકતા છે." આ કાર્ય પૂર્ણ થવાથી ગામને કુદરતી આફતો સામે મજબૂત રક્ષણ મળશે અને વિકાસની દિશામાં આગળ વધવા માટે નવો માર્ગ મોકળો થશે.

# બાબરામાં ૧૨૮મા 'મન કી બાત'નો શ્રવણ કાર્યક્રમ યોજાયો



તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૦૧

બાબરા શહેરના વોર્ડ નંબર ૧, બુથ નંબર ૮૩ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રસારિત કરવામાં આવેલ ૧૨૮મા 'મન કી બાત' કાર્યક્રમનું રેડિયો માધ્યમ દ્વારા ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના અગ્રણીઓ, સમાજના પ્રતિનિધિઓ, યુવા આગેવાનો તથા વેપારીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં બાબરા શહેરના કોષાધ્યક્ષ કરીમભાઈ કોટડિયા, શહેર મંત્રી યજ્ઞેશભાઈ શુકલ, જિન એસોસિએશન બાબરા પ્રમુખ તથા વેપારી અગ્રણી કાકુદાદા ચાવ, બાબરા તાલુકા ભાજપ યુવા આગેવાન કિરીટભાઈ બગડા, કોળી સમાજના આગેવાન માધુભાઈ ડાભી તેમજ ઘાંચી સમાજના આગેવાન અમીનભાઈ (બેકરીવાળા) સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાથી પાંચ નવી બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા મહેશ કસવાલા



અમરેલી,તા.૦૧

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના સક્રિય પ્રયાસોથી સાવરકુંડલા ST વિભાગમાં પાંચ નવી બસોનો વિધિવત્ શુભારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવી બસ સેવાઓથી મુખ્યત્વે લાંબા રૂટના મુસાફરોને મોટી રાહત મળશે અને પરિવહનની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. આ આધુનિક બસો મુસાફરીને વધુ સરળ, સુરક્ષિત અને આરામદાયક બનાવશે, જેનાથી પ્રવાસીઓના સમય અને શક્તિની બચત થશે. લાંબા સમયથી નવી બસોની જરૂરિયાત અનુભવતા સ્થાનિક નાગરિકો અને મુસાફરોમાં આનંદ ફેલાયો છે.










**અલ્ટ્રાટેક અને નર્મદા સિમેન્ટ કંપનીઓ ૭ હજાર વિઘા જમીન પર માઈનીંગ કરી ચૂકી છે**

# બાબરકોટ ગામના ખેડૂતો જમીન માટે લડી લેવાના મૂડમાં

**કંપનીઓ ખોટી ફરિયાદ કરી ખેડૂતો પાસેથી બળજબરીથી કબજો ખાલી કરાવતી હોવાની રાવ**


તસવીર : બાબુ વાટેળ

જાફરાબાદ,તા.૦૧

જાફરાબાદના બાબરકોટ ગામે ગાંધીવાદી ખેડૂત નેતા અને સદભાવના ટ્રસ્ટ હોસ્પિટલના ચેરમેન ડૉ. કનુભાઈ કળસરિયા દ્વારા ખેડૂત સંવાદ કાર્યક્રમનું આયોજન થયું હતું. અહીં આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ અને નર્મદા સિમેન્ટ લિમિટેડ કંપનીઓ ૪૦ વર્ષથી માઈનિંગ પ્રક્રિયા કરી રહી છે. ગામની આશરે ૯ હજાર વિઘા જમીનમાંથી ૭ હજાર વિઘા જમીન પર કંપનીઓ માઈનિંગ કરી ચૂકી છે. બાકી રહેલ આશરે બે હજારથી વધુ વિઘા જમીન પર છેલ્લા ૩૦ વર્ષથી ખેડૂતો કબજો કરીને ખેતી કરી રહ્યા છે. કંપનીઓ દ્વારા હવે માત્ર ૧૦% જ જમીન બાકી હોવાથી પૂરતી રોજગારી અપાતી નથી, તેમજ કરાર મુજબ પાંચ વર્ષે જમીનના ભાવ વધારાનો લાભ પણ અપાતો નથી. સરપંચ પ્રતિનિધિ અનકભાઈ સાંખટના જણાવ્યા મુજબ, ખેડૂતો ખેતી કરવા જાય તો પોલીસ તંત્રનો ઉપયોગ કરીને કંપની ખોટી ફરિયાદ કરાવી બળજબરીથી કબજો ખાલી કરાવી રહી છે. કંપનીઓના વધતા જતા અત્યાચારોને ધ્યાનમાં રાખીને, ડૉ. કનુભાઈ કળસરિયાના માર્ગદર્શન હેઠળ બાબરકોટના ખેડૂતોએ હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી દર્શાવી છે. આ પ્રસંગે મા ભૌમ સમિતિના ચેરમેન ભરતભાઈ ભીલ, જિલ્લા પંચાયતના સભ્ય જનકભાઈ શિયાળ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી કંપનીઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# રાજુલાના ઝાપોદર ગામ નજીક ટ્રક ખાડામાં પલટી ખાઈ ગયો, કોઈ જાનહાનિ નહી

રાજુલા,તા.૦૧



રાજુલા નજીક ઝાપોદર ગામ પાસે વિશ્વાસ પેટ્રોલ પંપની સામે એક મોટો માર્ગ અકસ્માત થયો હતો. રાજુલાથી સાવરકુંડલા તરફ જઈ રહેલા એક ટ્રકની સામે પૂરપાટ ઝડપે એક ડમ્પર આવી રહ્યું હતું. ડમ્પર સાથે અથડામણ ટાળવા માટે, ટ્રકના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને પોતાનું વાહન તાત્કાલિક સાઈડમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રક ચાલકે પેટ્રોલ પંપ સામે વાહન સાઈડમાં લેવાનાં પ્રયાસમાં ટ્રક રોડની બાજુના ખાડામાં પલટી મારી ગયો હતો. સદનસીબે આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ચાલકને કોઈપણ પ્રકારની ઈજા થઈ નહોતી અને તે આબાદ બચી ગયો હતો. જોકે, ટ્રકને મોટું નુકસાન થયું હોવાનું ડ્રાઈવરે જણાવ્યું હતું.

# બગસરા નગરપાલિકા સદસ્યનું નિધન થતા દીકરીઓએ કાંધ આપી


તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૦૧

બગસરા શહેરના નટવર નગર (વોર્ડ-૧)ના નગરપાલિકાના સદસ્ય ભરતભાઈ મનજીભાઈ પાથર (ઉં.વ. ૫૮) નું ટૂંકી માંદગી બાદ નિધન થયું હતું. મોટી સંખ્યામાં લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા. ભરતભાઈને બે દીકરા અને એક દીકરી હોવા છતાં, તેમની દીકરી અને ભત્રીજીએ તેમની અંતિમયાત્રામાં કાંધ આપીને સમાજમાં દીકરા-દીકરી વચ્ચે સમાનતાનો ઉમદા સંદેશો આપ્યો હતો.

# રાજુલાના રીંગણયાળા ગામના આગેવાનો સહિત ૨૦૦ લોકો 'આપ'માં જોડાયા

**આમ આદમી પાર્ટીએ ખેસ પહેરાવી તમામનું અદકેરૂ સ્વાગત કર્યુ**

રાજુલા,તા.૦૧


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના રીંગણયાળા ગામના બધાભાઈ લાખણોત્રા તાલુકા પંચાયત સીટના ઉમેદવાર સહિત ૨૦૦ કરતા વધુ કાર્યકર્તા સાથે આમ આદમી પાર્ટીનો ખેસ પહેરી વિધિવત રીતે આપ પાટીમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટી ૯૮ વિધાનસભાના સહ પ્રભારી કિશોરભાઈ ધાખડા, રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રમેશભાઈ કાતરીયા, મહમદભાઈ ગાહા તેમજ આમ આદમી પાટીના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને તમામ લોકોએ બધાભાઈ લાખણોત્રા અને કાર્યકર્તાઓને આવકાર્યા હતા. ચૂંટણીઓ ખૂબ જ નજીક આવી રહી છે ત્યારે હવે આ રાજુલા તાલુકાની રાજકીય પાર્ટીમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં રાઘવ વ્યાસ જિલ્લામાં ત્રીજા ક્રમે

અમરેલી,તા.૦૧



બગસરા સ્થિત કે.જી. ધાણક કોલેજના ધોરણ ૫ના વિદ્યાર્થી રાઘવ સંજયભાઈ વ્યાસે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જિલ્લા કક્ષાએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિથી તેણે પોતાની શાળા અને શહેરનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષાનું આયોજન ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જિલ્લાભરમાંથી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધોરણ ૫ના ૩૦ વિદ્યાર્થીઓમાંથી રાઘવે આ વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે.

# સાવરકુંડલાને 'ફાટક મુક્ત' બનાવવા ધારાસભ્ય મહેશ કસવાલાએ રેલવે અધિકારીઓ સાથે સ્થળ નિરીક્ષણ કર્યું

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા શહેરમાં રેલવે વિભાગને લગતા પ્રશ્નોના ઝડપી ઉકેલ અને જનહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપી, શહેરને 'ફાટક મુક્ત' બનાવવાના ઉદ્દેશ્ય સાથે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રેલવે અધિકારીઓ સાથે સ્થળ પર જઈ વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું.

શહેરના વિકાસ અને નાગરિકોની સુવિધા-સુરક્ષાને કેન્દ્રમાં રાખીને યોજાયેલી આ બેઠક અને નિરીક્ષણ દરમિયાન



ધારાસભ્યએ મહુવા રોડ માર્કેટિંગ યાર્ડ અને જેસર રોડ ફાટક સહિતના મુખ્ય સ્થળોની મુલાકાત લીધી હતી. અહીં વાહન વ્યવહારની લાંબી કતારો અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને, ફાટક પાસે આવેલા અંડરબ્રિજને વધુ પહોળા કરવાની અત્યંત આવશ્યકતા હોવાનું જણાવી અધિકારીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું.

ધારાસભ્યએ રેલવે વિભાગને જરૂરી ટેકનિકલ આયોજન ત્વરિત હાથ ધરવા અને નાગરિકોને વધુ સુવિધાજનક તથા સુરક્ષિત વાહન વ્યવહાર પૂરો પાડવા તમામ પ્રયાસો વેગવંતા બનાવવા સૂચના આપી હતી.

# અમરેલી શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી



**સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ '' કર્તવ્ય બોધ'' વિષે પ્રેરક પ્રવચન આપ્યુ**

અમરેલી,તા.૦૧

અમરેલીમાં આવેલી શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા.૦૧/૧૨/૨૦૨૫ માગશર સુદી ૧૧ ના દિવસે ''ગીતા જયંતિ'' ઉજવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભાગવત ગીતાનું પૂજન તેમજ આરતી વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ ગીતાનો 'કર્તવ્ય બોધ' એ વિષે પ્રેરક પ્રવચન આપ્યુ હતું. તેમજ સંસ્થાનાં બાળકોએ ગીતાજીનાં શ્લોકનું પઠન કર્યું હતું.

ગીતાના પ્રેરણાદાયી પ્રસંગો શાળાના પ્રતિભાવાન શિક્ષક લખાણીભાઈએ બાળકો સાથે રજૂ કર્યા હતા. તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમમાં રસપ્રદ બન્યો હતો. વિદ્યાર્થીઓમાં પણ ગીતા જયંતિની ઉજવણી નિમિત્તે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૨૦૮/૨૦૨૫

અરજદાર :- શ્રી લીલીબહેન બાવાભાઈ સેંજળિયા
રહે. સરંભડા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. સરંભડા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામમાં અરજદારશ્રી લીલીબહેન બાવાભાઈ સેંજળિયાએ તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૮/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ.ભરતભાઈ મનજીભાઇ પાથર( ઉં.વ.૬૦) નું તા.૦૧/૧૨/૨૦૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ધીરૂભાઇ, જેન્તીભાઇ, પ્રવીણભાઈના ભાઈ તેમજ શૈલેશભાઈ, મહેન્દ્રભાઈના પિતા તેમજ નીરજભાઈના કાકા થાય છે. જેમનું બેસણું તા. ૪ ને ગુરૂવાર સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને નટવરનગર ખાતે રાખેલ છે.








GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૨૧૪/૨૦૨૫

અરજદાર :- શ્રી જયસુખભાઈ ભગવાનભાઈ ચોવટીયા
રહે. મોટા માચીયાળા, તા.જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. મોટા માચીયાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામમાં અરજદારશ્રી જયસુખભાઈ ભગવાનભાઈ ચોવટીયા તેઓના પુત્રી સોનલબેન જયસુખભાઈ ચોવટીયાની જન્મ (તા.૦૬/૦૪/૧૯૮૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટર ઓપરેટર
સેલ્સમેન
સેલ્સ ગર્લ્સ
અનુભવી તેમજ બિન અનુભવી વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
નિલકંઠ જવેલર્સ
(લાઠી વાળા)
માણેકપરા, અમરેલી. (૦૨૭૯૨) ૨૨૩૫૫૭, મો.૯૬૦૧૮ ૯૮૯૮૧/૯૮૨૫૦ ૯૧૭૨૧

**ઓપરેશન કારાવાસ હેઠળ અમરેલી પોલીસની કાર્યવાહી**

# બાબરા પોલીસ સ્ટેશનના ગુનાનો આરોપી મહારાષ્ટ્રના પુણેથી ઝડપાયો



અમરેલી,તા.૦૧

રાજકોટ મધ્યસ્થ જેલમાંથી પેરોલ જમ્પ કરીને ફરાર થયેલા બળાત્કારના ગુનાના આજીવન કેદની સજા પામેલા કેદી લખન વિક્રમ ડાવર (ઉ.વ. ૨૮) ને અમરેલીની પેરોલ-ફર્લો સ્કવોડે મહારાષ્ટ્ર રાજ્યના પુણે ખાતેથી ઝડપી પાડ્યો છે. ગુજરાત રાજયના પોલીસ મહાનિર્દેશકના ''ઓપરેશન કારાવાસ'' હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ એન.જી. સાપરા પો.સબ ઈન્સ.ની ટીમે આ કેદીને ઝડપી પાડ્યો હતો. કેદી લખન ડાવરને બાબરા પો.સ્ટે.ના ગુનામાં ૩૦ વર્ષની કેદની સજા થયેલી છે અને તે તા. ૦૧/૦૮/૨૦૨૫થી ફરાર હતો. તેને ઝડપી પાડીને રાજકોટ મધ્યસ્થ જેલને સોંપવામાં આવ્યો છે.

**અમરેલી પેરોલ-ફર્લો સ્ક્વોડે આરોપીને ઝડપી રાજકોટ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો**

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે કુંકાવાવ તાલુકાના તોરી - ચુડા રોડ પર માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત

અમરેલી, તા.૦૧

રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ તાલુકાના તોરી - ચુડા રોડ પરના માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત કર્યુ હતું. રાજ્યમંત્રીએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રીફળ વધેરી અને પ્રતિકાત્મક રૂપે ત્રિકમથી રૂ.૬૫ લાખના ખર્ચે નિર્મિત થનાર માઈનોર બ્રીજના નિર્માણ કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે તેમણે સ્થાનિક આગેવાનો સાથે સૌજન્યસભર મુલાકાત કરી હતી. ગ્રામજનોની વર્ષોથી રહેલી માંગને પૂર્ણ કરતી આ યોજના હવે તોરી અને આસપાસના વિસ્તારો સુદ્રઢ માર્ગ વ્યવસ્થા સાથે જોડાશે. આ તકે સ્થાનિક આગેવાનો, માર્ગ અને મકાન - પંચાયત વિભાગના અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



# ખાંભા પોલીસ સ્ટેશનના રાઈટર રૂમમાં હેડ કોન્સ્ટેબલને જાનથી મારવાની ધમકી આપી

**ભાવરડી ગામના ઇસમ સામે ફરિયાદ નોંધાઈ**

ખાંભા, તા.૦૧

ખાંભા પોલીસ સ્ટેશનના રાઈટર રૂમમાં હેડ કોન્સ્ટેબલને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ભાવરડી ગામના ઈસમ સામે ફરિયાદ નોંધાઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધનાભાઈ કડવાભાઈ પરમાર રાઈટર રૂમમાં હતા ત્યારે ભાવરડી ગામના જગદીશભાઈ અમરૂભાઈ દેસાઈએ આવી તેમની ફરજમાં રૂકાવટ કરી ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની અને દવા પીવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સલડીના વતની ડૉ. કેતન કાનપરિયાની રાજ્યના યુથ આઈકોન તરીકે પસંદગી

અમરેલી, તા.૦૧



ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, દિલ્હી દ્વારા અમરેલી જિલ્લાના સલડી ગામના વતની અને રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજના પ્રોફેસર ડૉ. કેતન કાનપરિયાની ગુજરાત રાજ્યના યુથ આઈકોન તરીકે પસંદગી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારતજી૨૦૪૭'ના વિઝનને યુવાનો સુધી પહોંચાડવા માટે દેશના વિવિધ રાજ્યોમાંથી પ્રતિભાશાળી યુવાનોની પસંદગી કરાઈ છે. એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા ડૉ. કેતન કાનપરિયા શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે અનેક સિદ્ધિઓ મેળવીને યુવા પેઢી માટે રોલ મોડેલ બન્યા છે. યુથ આઈકોન તરીકે, ડૉ. કાનપરિયા હવે ગુજરાતની યુનિવર્સિટીઓમાં આયોજિત વિકસિત ભારત યુથ કનેક્ટ પ્રોગ્રામમાં યુવાનો સમક્ષ 'વિકસિત ભારતજી૨૦૪૭'ના રોડમેપ અને ભારતીય પ્રગતિ વિશે વાત કરશે. નેશનલ લેવલ પર તેમની આ ત્રીજી મોટી પસંદગી છે.

# બાબરાના ખંભાળા ગામેથી પાંચ પત્તાપ્રેમી પકડાયા, ત્રણ ફરાર

બાબરા, તા.૦૧

બાબરાના ખંભાળા ગામેથી પોલીસે પાંચ જુગારીને ઝડપી પાડ્યા હતા. જ્યારે ત્રણ ફરાર થઈ ગયા હતા. પોલીસે રૂ. ૨૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. હરેશભાઈ નાનજીભાઈ ઝાપડીયા, સુરેશભાઈ ધનજીભાઈ મકવાણા, બીજલભાઈ કડવાભાઈ કાગડ, મહેશભાઈ વિહાભાઈ રાણીંગા, વલ્લભભાઈ બાબુભાઈ વેજીયા ખંભાળા ગામે સીમ વિસ્તારમાં ભાવેશભાઈ ભીખાભાઈ મેરની વાડી પાસે સરકારી પડતર જમીનમાં બાવળની નીચે ખુલ્લી જગ્યામાં જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર પૈસા પાના વડે રમતા રોકડા રૂ.૨૦,૨૦૦ સાથે ઝડપાયા હતા. જ્યારે હીતેષભાઈ કાળાભાઈ સરવૈયા, ચંદુભાઈ ધુડાભાઈ મેર તથા ભાવેશભાઈ ભીખાભાઈ મેર ફરાર થઈ ગયા હતા.

# શિંગદાણા ફોલવાના મશીનના સ્પેરપાર્ટ્સની ચોરી: વડીયામાં ઈકો વાનમાં મુદ્દામાલ ભરી જતા શખ્સો ઝડપાયા

વડીયા, તા.૦૧

વડીયાથી હનુમાન ખીજડીયા ગામ તરફ આવેલા પીપળીયા વોંકળા પાસે ખુલ્લી જગ્યાએ રાખેલા શિંગદાણા ફોલવાના મશીનના સ્પેરપાર્ટ્સની ચોરીનો બનાવ બન્યો હતો. જેમાં આરોપીઓએ રૂ. ૨૦,૦૦૦ની કિંમતના સ્પેરપાર્ટ્સની ચોરી કરી હતી.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફરિયાદકર્તાના માલિકીનું શિંગદાણા ફોલવાનું મશીન ખુલ્લી જગ્યાએ રાખેલું હતું. આરોપીઓએ એકસાથે મળીને આ મશીનના અલગ-અલગ સ્પેરપાર્ટ્સની ચોરી કરી હતી. બનાવ અંગે વડીયામાં રહેતા ભરતભાઈ ઉર્ફે કાળુભાઈ વેલજીભાઈ ઢોલરીયા (ઉ.વ.૪૨) એ વડીયાના અરમાન સંધી તથા જેતપુરના સાહીલ સંધી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ ચોરી કર્યા બાદ આરોપીઓએ વાહન નંબર GJ-૦૯-Z-૯૨૫૯ માં ચોરી કરેલો મુદ્દામાલ ભરી લીધો હતો અને તેને ભંગારના ડેલે વેચવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન, તેમને આ બાબતની જાણ થતાં તેઓ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે ભંગારના ડેલાવાળા પાસેથી પોતાની રીતે ચોરીમાં ગયેલો તમામ મુદ્દામાલ પરત મેળવી લીધો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.એમ. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાની સરસ્વતી વિદ્યાલયમાં 'ફેન્સી ડ્રેસ ડે'ની ઉત્સાહભેર ઉજવણી

લીલીયા, તા.૦૧



લીલીયાની અગ્રેસર ગણાતી સરસ્વતી વિદ્યાલયમાં શિક્ષણ કાર્ય ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિશેષ 'ફેન્સી ડ્રેસ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. હાલના મોબાઈલ યુગમાં વિદ્યાર્થીઓ મોબાઈલનો વધુ પડતો ઉપયોગ ટાળે અને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા કંઈક નવું શીખે, તેવા શાળાના સતત પ્રયાસોના ભાગરૂપે શનિવારને 'આનંદદાયી શનિવાર' તરીકે ઉજવવાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અલગ-અલગ પાત્રોના ડ્રેસમાં સજ્જ થઈને આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય ભાવેશભાઈ મહેતા અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી, તેમજ આ પ્રવૃત્તિમાં વાલીગણનો પણ પૂરો સહકાર રહ્યો હતો.

# લીલીયાના ખારા ગામે ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ: આઈફોન પણ મળ્યો

લીલીયા, તા.૦૧

લીલીયાના ખારા ગામે સ્મશાન સામેના ભાગે આવેલ પડતર જગ્યામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. રાહુલભાઈ ઘનશ્યામભાઈ વેકરીયા તથા બાબુભાઈ ઈસુભાઈ જમોડ આ જગ્યાએ દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવતા હતા. દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી સાથે પીવાનો દેશી દારૂ લીટર-૨૨ કેન સહિત કિં.રૂ.૪૪૫૦, ગરમ આથો(વોશ) લીટર-૩૦ કિં.રૂ.૭૫૦, દેશી દારૂ બનાવવાનો આથો લીટર-૯૦ કિં.રૂ.૨૨૫૦, દેશી દારૂ બનાવવાનો સર-સામાન મળી કુલ કિં.રૂા.૩૨૦ તથા આઈફોન ૧૩-Pro જેની કિં.રૂ.૨૫,૦૦૦ મળી કુલ કિં.રૂ.૩૨,૭૭૦નો પ્રોહીબીશન મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સાવરકુંડલામાં જેસર રોડ એકયુરેટ રેસીડેન્સીની સામેથી એક યુવકના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૧૪ બોટલ મળી હતી. જિલ્લામાંથી વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં પાંચ ઈસમો પકડાયા હતા.

**સાવરકુંડલામાંથી વિદેશી દારૂની ૩૨ બોટલ મળી**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા. ૦૨-૧૨-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૮, સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૦૨-૧૨-૨૦૨૫ મંગળવાર

- મેષ: તમે પારિવારિક જીવન અને વિવાહિત જીવનમાં આનંદ અને શાંતિનો અનુભવ કરશો.
- વૃષભ: આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશો.
- મિથુન: સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતાવશો.
- કર્ક: તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, પરંતુ સમયની સાથે સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે.
- સિંહ: આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરીમાં ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે.
- કન્યા: વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો.
- તુલા: આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો.
- વૃશ્ચિક: આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે.
- ધન: ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે.
- મકર: વિદ્યાર્થીઓને ઇચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. નવું કાર્ય શરૂ કરવા માટે પરિવારનો સહયોગ મળશે.
- કુંભ: આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે.
- મીન: દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે.

# અમરેલીના બાલભવન ખાતે કવિવર રમેશ પારેખની જન્મજયંતિ નિમિત્તે ભાવાંજલિ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૧



અમરેલી અને ગુજરાતી ભાષાના લાડલા કવિવર રમેશ પારેખની જન્મતિથિ નિમિત્તે તા. ૨૭મી નવેમ્બરના રોજ અમરેલીના બાલભવન ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગીરધરભાઈ સંગ્રહાલય, લોકવિજ્ઞાન કેન્દ્ર, બાલભવન અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં કવિને પુષ્પાંજલિ, સ્વરાંજલિ અને શબ્દાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સંગીત કલા વર્ગના પંકજભાઈ જોષી અને તેમના સંગીતકાર તથા ગાયકવૃંદ દ્વારા રમેશ પારેખના કાવ્યોનું સુમધુર ગાન કરવામાં આવ્યું હતું. જ્યારે સ્નેહી પરમાર, પ્રણવ પંડ્યા, હરજીવન દાફડા અને અન્ય ઉપસ્થિતોએ શબ્દાંજલિ આપી હતી. રોહિતભાઈ જીવાણીએ શુભેચ્છા સંદેશ પાઠવી કવિને શબ્દાંજલિ અર્પણ કરી હતી. બાલભવન પરિવાર દ્વારા આયોજિત આ સુંદર કાર્યક્રમમાં લોકસાહિત્ય સેતુના પ્રમુખ ઈતેશ મહેતા, સંવેદન ગૃપના વિપુલ ભટ્ટી, મનોજ ઠાકર, અશ્વિન ઠાકર, ઉદય મહેતા સહિત વિશાળ સંખ્યામાં ભાવક વર્ગે ઉપસ્થિત રહીને કવિને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ઝેરી સર્પદંશ બાદ બે તબક્કાની સફળ સર્જરીથી દર્દીનો જીવ બચ્યો

અમરેલી, તા.૦૧



સાવરકુંડલાના શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરે એક દુર્લભ સફળતા મેળવી છે. ભારે ઝેરી સર્પદંશથી ગંભીર સ્થિતિમાં આવેલા ૬૦ વર્ષીય દર્દીને તાત્કાલિક આઈસીયુમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી. ડો. પ્રકાશ પટેલ અને તેમની ટીમે પ્રથમ તબક્કામાં Debridement કરી ચેપ રોક્યો. ત્યારબાદ બે મહિનાની સતત સારવાર, ડ્રેસિંગ અને મોનીટરીંગથી દર્દીની સ્થિતિ સુધરી. ચેપ નિયંત્રણમાં આવ્યા પછી બીજા તબક્કામાં સફળ સ્કિન ગ્રાફ્ટિંગ કરવામાં આવ્યું. હાલ દર્દી સંપૂર્ણ સ્વસ્થ છે અને સામાન્ય જીવન જીવવા સમર્થ બન્યા છે. પરિવાર અને દર્દીએ ટીમ પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

**સાવરકુંડલા શહેરનો બનાવ**

# અમારી સાથે ફરીવાર ઝઘડો કરશો તો તમારા ટાંટીયા ભાંગી નાખીશું કહી ધમકી આપી

**ઢીકાપાટુનો મુંઢ માર પણ માર્યો**

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલા શહેરમાં એક યુવતીને 'અમારી સાથે ફરીવાર ઝઘડો કરશો તો તમારા ટાંટીયા ભાંગી નાખીશું' એવી ધમકી આપવામાં આવી હતી તેમજ ઢીકાપાટુનો મુંઢમાર પણ માર્યો હતો. બનાવ અંગે ક્રિષ્નાબેન ભુપતભાઈ ખુમાણ (ઉ.વ.૧૯)એ મેહુલભાઈ મેવાડા, હેમાંગભાઈ મેવાડા, કમલેશભાઈ મેવાડા, લાલજીભાઈ મેવાડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પોતાના કામે જતા હતા તે દરમિયાન આરોપીઓ ગાળો બોલતા હતા. જેથી તેણે ગાળો બોલવાની ના પાડતા બોલાચાલી કરી હતી. આ સમયે સાહેદ ત્યાં આવી જતા સાહેદને શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ બોલાચાલી ઝઘડા બાબતે તેઓ ફરિયાદ લખાવવા જતા હતા ત્યારે પાછળથી પછાડી દઈ ગાળો આપી શરીરે ઢીંકાપાટુનો મુંઢમાર મારી જતા-જતા 'અમારી સાથે ફરીવાર ઝઘડો કરશો તો તમારા ટાંટીયા ભાંગી નાખીશું' એવી ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ચાંચબંદરમાં યુવતીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી

રાજુલા, તા.૦૧

રાજુલાના ચાંચબંદરમાં યુવતીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. ભોરાવાડ વિસ્તારમાં રહેતા શાંતિભાઈ સોમાતભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, મમતાબેન સોમાતભાઈ ચૌહાણ (ઉ.વ.૩૩)એ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના જામ બરવાળા ગામે પુરુષે કપાસમાં છાંટવાની દવા પીધી

બાબરા, તા.૦૧

બાબરાના જામ બરવાળા ગામે મૂળ પંચમહાલના મોરવા હડફ તાલુકાના અગરવાડના એક પુરુષે કપાસમાં છાંટવાની દવા પીતા મોત થયું હતું. આ અંગે સંજયભાઈ રમણભાઈ નાયક (ઉ.વ.૨૨)એ જાહેર કર્યા મુજબ, રમણભાઈ બુધલભાઈ નાયક (ઉ.વ.૪૦) એ અગમ્ય કારણોસર કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા મૃત્યુ થયું હતું.

તંત્રી લેખ

# અબોલ પ્રાણીઓનો અધિકાર

પ્રાણીઓ અને મનુષ્યનો સંબંધ સદીઓ જૂનો છે. ખાસ કરીને કૂતરો, જેને મનુષ્યનો સૌથી વફાદાર સાથી માનવામાં આવે છે. પરંતુ આજના સમયમાં, આ સંબંધની પવિત્રતા પર એક મોટો સવાલ ઊભો થયો છે: શું આપણે પ્રાણીઓને સાથી માનીએ છીએ, કે પછી માત્ર 'સ્ટેટસ સિમ્બોલ'? આજકાલ સોશિયલ મીડિયાના યુગમાં કૂતરા પાળવા એ એક ફેશન બની ગઈ છે. લેબ્રાડોર, ગોલ્ડન રિટ્રીવર કે લ્હાસા એપ્સો જેવી 'ઊંચી જાત'ના શ્વાનને ઘરે લાવવું એ જાણે પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન છે. લોકો હજારો રૂપિયા ખર્ચીને બ્રાન્ડેડ બેગ કે બૂટની જેમ 'બ્રાન્ડેડ' કૂતરાને ખરીદે છે. આ જાતોનું પ્રજનન પણ એક ધંધો બની ગયું છે, જ્યાં ગલુડિયાને જન્મતાની સાથે જ માતાથી અલગ કરીને વેચી દેવામાં આવે છે. આમાં પ્રાણી પ્રત્યેનો પ્રેમ ઓછો અને પોતાના સ્ટેટસને વધારવાનો ઈરાદો વધારે હોય છે. પરંતુ વાત અહીં પૂરી નથી થતી. આ નિર્ણય લેતા પહેલાં પરિવારના સભ્યોની સંમતિ કે લાંબા ગાળાની જવાબદારીનો વિચાર ભાગ્યે જ થાય છે. એક સુંદર પપીને ઘરે લઈ આવવો સરળ છે, પણ તેને રોજ ફેરવવા લઈ જવો, સમયસર ખવડાવવું, વેક્સિન લગાવડાવવી અને તેની અન્ય જરૂરિયાતો પૂરી કરવી એ જવાબદારીનું કામ છે. જ્યારે આ સુંદર ગલુડિયું મોટું થાય છે, ત્યારે તેનો મોહ ઓછો થઈ જાય છે. અને અહીંથી જ ક્રૂરતાની પરાકાષ્ઠા શરૂ થાય છે. થોડા દિવસ આનંદ લીધા પછી, જ્યારે તે પોસાતું નથી, ત્યારે તેને ગાડીમાં બેસાડીને દૂર જંગલમાં કે અજાણી જગ્યાએ છોડી દેવામાં આવે છે. અબોલની પીડા આજના માનવી સમજતા નથી. જનમેજયથી સોશિયલ મીડિયા સુધી આ ઘટના મનુષ્યની સંવેદનહીનતાનો સૌથી મોટો પુરાવો છે. તે મૂક પ્રાણી કલાકો સુધી ભૂખ્યો, તરસ્યો, તમારી રાહ જોઈને બેસી રહે છે. તેની આંખો તમને શોધી રહી હોય છે કે 'કદાચ તમે ભૂલી ગયા હશો અને મને લેવા પાછા જરૂર આવશો.' આ વિશ્વાસઘાત માત્ર એક વ્યક્તિનો નથી, પણ સમગ્ર સમાજની કરુણાના સ્તરનું પ્રતિબિંબ છે. જો આપણે આપણા ઈતિહાસ તરફ નજર કરીએ તો, મહાભારતમાં પણ એક નાનકડા ગલુડિયાની વાર્તા છે. જ્યારે જનમેજય સર્પયજ્ઞ કરી રહ્યા હતા, ત્યારે એક ગલુડિયું ત્યાં આવી ગયું અને તેને નિર્દયતાથી મારવામાં આવ્યું. આથી તેની માતાએ જનમેજયને શાપ આપ્યો હતો. કહેવાનો અર્થ સ્પષ્ટ છે: દરેક પ્રાણીને જીવવાનો અને ન્યાયનો હક છે. આપણા ધર્મગ્રંથોએ પણ મૂક પ્રાણીઓના અધિકારની વાત સ્વીકારી છે, તો પછી આજે આપણે કેમ આટલા પથ્થરદિલ બની ગયા છીએ? આજકાલ સોશિયલ મીડિયા પર જે આઘાતજનક વીડિયો આવે છે, તે જોઈને આત્મા કંપી ઊઠે છે. કોઈ કૂતરાની પૂંછડીમાં ફટાકડા બાંધે છે, તો કોઈ તેને પથ્થર મારે છે. જે વ્યક્તિને મૂક પ્રાણીને પીડા આપવામાં 'કિક' મળતી હોય, તે સાવ નીચલી પાયરીનો વ્યક્તિ હશે. પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ હેઠળ, મૂક પ્રાણીઓના પણ કેટલાક અધિકાર છે અને તેમનું શોષણ કરવું એ એક અપરાધ છે. પરંતુ કાયદાથી પણ મોટી બાબત છે - માનવીય અભિગમ અને કરુણા. સડકની સમસ્યા, નફરત નહીં, કરુણાનો અભિગમ આજે રખડતા કૂતરાઓનો વિવાદ ચરમસીમા પર છે. સમાજમાં એક મોટો વર્ગ છે જે રખડુ કૂતરાઓ પ્રત્યે નફરત ધરાવે છે. જો કોઈ પશુપ્રેમી તેમને ખાવાનું આપે તો તેની સામે પણ વાંધો ઊઠાવવામાં આવે છે. આ વિવાદને હલ કરવા માટે આપણે હિંસા કે નફરતને બદલે માનવીય અભિગમ અપનાવવાની જરૂર છે.

# મિથેનોલ વાળા ઝેરી દારૂનો આંતક

ગત વરસો કરતા આજે ભારતમાં વ્યસન મુક્તિની વધુ જરૂર છે. કારણ કે દારૂ અને અન્ય વ્યસનોનો પ્રકોપ દેશના સમાજ, અર્થતંત્ર અને કુટુંબોને ગંભીર રીતે અસર કરી રહ્યો છે. દેશમાં લાખો લોકો આલ્કોહોલ વ્યસનના શિકાર છે, જેમાંથી મોટાભાગના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનો સમાવેશ થાય છે, જેઓ મોંઘા કાયદેસર દારૂને બદલે સસ્તા અને ગેરકાયદે વિકલ્પો તરફ આકર્ષાય છે. આ વ્યસન ફક્ત વ્યક્તિગત જીવનને તોડી પાડતું નથી, પરંતુ તે આર્થિક નુકસાન, અપરાધ અને આરોગ્ય સંકટોને પણ વધારે છે. ભારત સરકારના આંકડા અનુસાર, દર વર્ષે કરોડો રૂપિયાનું નુકસાન આલ્કોહોલ વ્યસનને કારણે થાય છે, અને મહિલાઓ તથા યુવાનોમાં તેનો વધતો ઉપયોગ ચિંતાનો વિષય છે. વ્યસન મુક્તિ કેન્દ્રો, જેમ કે ઈન્ટિગ્રેટેડ રિહેબિલિટેશન સેન્ટર્સ (આઈઆરસીએ), આ સમસ્યાનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ છે, પરંતુ તેમની પહોંચ હજુ પણ મર્યાદિત છે. સ્ક્રીનિંગ એન્ડ બ્રીફ ઈન્ટર્વેન્શન (એસબીઆઈ) જેવી તકનીકો અને સ્થાનિક સ્તરે જાગૃતિ અભિયાનો દ્વારા જ આ વ્યસનને રોકી શકાય, જેથી લોકો જોખમી દારૂ તરફ ન વળે અને તેમનું જીવન પુનર્જીવિત થાય. આ વ્યસન મુક્તિની જરૂર ફક્ત આરોગ્ય માટે જ નહીં, પરંતુ દેશના ભાવિ માટે પણ અનિવાર્ય છે, કારણ કે તે વ્યસનીઓને જીવનનું મહત્વ સમજાવે છે અને સમાજને મજબૂત બનાવે છે.

આજની તારીખે વિજ્ઞાનિક ઢબથી વ્યસન મુક્ત થઈ શકાય છે. તેમ મનોચિકિત્સક ડૉ.શૈલેષ જાની કહે છે. આજે પણ, માવો, ગુટકા, દારૂ, તમાકુ, સ્પિરિટ, અફીણ, કાલા, બ્રાઉન સુગર, હેરોઈન, કોકેઈન, ગાર્ડિનલ અલ્પાઝોલામ, વેલિયમ અને હશીશના વ્યસનોનું પ્રમાણ આપણા ગુજરાતમાં ઝડપભેર વધતું જાય છે. આમ આજે આપણે ઝેરી દારૂ વિશે વિસ્તારથી જાણીશું...

આ વ્યસનના કાળા પાસાને સમજવા માટે વૈશ્વિક ઉદાહરણો જુઓ, જે ભારતને પણ ચેતવણી આપે છે. બ્રિટનની ૨૨ વર્ષીય સિમોન વ્હાઈટની વાર્તા તો એક દુઃખદ ઉદાહરણ છે. તે લાઓસની એક હોસ્ટેલમાં પાર્ટીમાં ગઈ, જ્યાં તેને ફ્રી વોડકાના શોટ્સ મળ્યા. સ્વાદ તો સામાન્ય હતો, કોઈ કડવાશ કે બળતરા નહોતી. તેણી મિત્રો સાથે મજા કરતી રહી, પરંતુ બીજા દિવસે તેને તીવ્ર માથાનો દુઃખાવો થયો અને તે હોસ્પિટલમાં પહોંચી. કેટલાક કલાકોમાં તેનું મગજ સોજી ગયું, આંખોના ભાગો નુકસાન પામ્યા, અને ૨૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ વેન્ટિલેટર બંધ કરવું પડ્યું અને તે મરણ પામી. તેની મિત્ર બેથની ક્લાર્ક તો બચી ગઈ, પરંતુ તે રાતની દુઃખદ યાદ તે આજે ભૂલી શકતી નથી. આ ઘટના લાઓસમાં થઈ, જ્યાં છ વિદેશી પ્રવાસીઓના મોત થયા, જેમાં બ્રિટિશ, ઓસ્ટ્રેલિયન અને અમેરિકન નાગરિકોનો સમાવેશ થતો હતો. આ માત્ર એક વાર્તા નથી, પરંતુ વૈશ્વિક સંકટની એક કડી છે, જ્યાં મિથેનોલ નામનું ઝેરી રસાયણ દારૂમાં મેળવીને લોકોના જીવ લઈ રહ્યું છે. મિથેનોલ મૂળ તો બળતણ અને ઔદ્યોગિક કામ માટે વપરાય છે, પરંતુ તેની સસ્તી કિંમતને કારણે ગેરકાયદે વેપારીઓ તેને દારૂમાં ભેળવે છે, જેથી ગ્રાહકોને સસ્તું મળે. આ ઝેર આંખો, મગજ અને કિડનીને નુકસાન પહોંચાડે છે, જે



અંધત્વથી લઈને મોત સુધી લઈ જાય છે. આ સમસ્યા વિશ્વભરમાં ફેલાઈ રહી છે, અને ભારત તેના કેન્દ્રમાં છે. ૨૦૧૫થી ૨૦૨૫ સુધી વિશ્વમાં ૪૧,૦૦૦થી વધુ કેસો નોંધાયા છે, જેમાં ૧૪,૬૦૦થી વધુ મોત થયા છે. રશિયા, ઈરાન, ઈન્ડોનેશિયા અને ભારત જેવા દેશોમાં આ આંકડા સૌથી વધુ છે. ભારતમાં તો આ કાળો કારોબાર વધુ ગંભીર છે, કારણ કે અહીં દર વર્ષે હજારો લોકો ઝેરી દારૂને કારણે મરે છે. ૨૦૨૨માં ગુજરાતમાં ૪૨ લોકોના મોત થયા,

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

જ્યારે ૨૦૨૪માં તમિલનાડુમાં ૫૭થી વધુ લોકોના જીવ ગયા. આ ઘટનાઓમાં મોટાભાગના પીડિતો ગરીબ મજૂરો અને દિલ્હી, મુંબઈ જેવા શહેરોના ઝૂંપડપટ્ટી વાસીઓ હતા, જેઓ મોંઘા કાયદેસર દારૂને બદલે ૫૦-૧૦૦ રૂપિયાની બોટલ વેચતા વેપારીઓ પાસે ખરીદે છે. તમિલનાડુની ક્લેક્ચરી ઘટનામાં તો ૧૦૦થી વધુ લોકો બીમાર પડ્યા, અને તપાસમાં જાણવા મળ્યું કે દારૂમાં ઈંધણ-ગ્રેડ મિથેનોલ મેળવાયું હતું. આવી ઘટનાઓ દેશમાં વારંવાર બને છે, અને નિષ્ણાતો કહે છે કે વાસ્તવિક આંકડા તો તેનાથી પણ વધુ છે, કારણ કે ઘણા કેસો રિપોર્ટ જ નથી થતા. વિશ્વ આરોગ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ) અનુસાર, એશિયામાં મિથેનોલ પોઈઝનિંગના ૭૦% કેસો થાય છે, અને ભારત તેમાં મોખરે છે. આ સંકટ કેમ વધી રહ્યું છે તે સમજવું જરૂરી છે. પ્રથમ કારણ તો દારૂ પરના ભારે કર છે, જેમ કે તુર્કીમાં એક બોટલની કિંમત ૨૪૦૦ રૂપિયા થાય છે, અને ભારતમાં પણ વેરીએશન અને એક્સાઈઝ ડ્યુટીને કારણે કાયદેસર દારૂ મોંઘો થઈ જાય છે. ગરીબીથી પીડાતા લોકો તો સસ્તા વિકલ્પો તરફ વળે છે, જેમાં ગેરકાયદે ફેક્ટરીઓ મિથેનોલ ભેળવીને વેચે છે. ભારતમાં આવી અનધિકૃત ડિસ્ટિલરીઓ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં છુપાવીને ચાલે છે, અને પોલીસ કાર્યવાહી પછી પણ તે ફરી શરૂ થઈ જાય છે. બીજું, જાગૃતિનો અભાવ છે – લોકોને ખબર નથી કે મિથેનોલના લક્ષણો કેટલા ભયાનક છે. તે ૨૪થી ૪૮ કલાક પછી અસર કરે છે, તેથી લોકો તેને હેંગઓવર, ખરાબ ખોરાક કે તાવ સમજી લે છે. એકમાત્ર વિશેષ લક્ષણ તો ધૂંધળું દેખાવું કે અચાનક અંધત્વ છે, પરંતુ ત્યારે તો ખૂબ મોડું થઈ જાય છે. બ્રાઝિલમાં તો સીલબંધ બોટલોમાં પણ મિથેનોલ મળ્યું, જ્યાં ૧૬ મોત અને ૪૬ બીમારીઓ થઈ, અને એક ૨૭ વર્ષીય યુવાન ૫૩ દિવસ કોમામાં રહ્યા પછી મરી ગયો. ભારતમાં પણ આવું બને છે, જેમ કે ૨૦૨૪ની તમિલનાડુ ઘટનામાં ડોક્ટરોને મિથેનોલનું એન્ટિડોટ લાવવું પડ્યું, પરંતુ ઘણા લોકોને બચાવી શકાયા નહીં. આ સંકટમાંથી બચવા માટે સારવાર તો સરળ છે, પરંતુ તે તરત જ થવી જોઈએ. નોર્વેના નિષ્ણાત ડો. ક્નુટ એરિક હોવ્ડા કહે છે કે, જો ધૂંધળું દેખાવું, માથાનો તીવ્ર દુઃખાવો કે ઉલટી જેવા લક્ષણો દેખાય તો તરત હોસ્પિટલ જાઓ. ત્યાં ફોમેપિઝોલ જેવું એન્ટિડોટ અથવા ઈથેનોલ ઈન્જેક્શન અને ડાયલિસિસથી ૮૦થી ૯૦ ટકા કેસોમાં જીવ બચી શકે છે, પરંતુ ૨૪ કલાકમાં જરૂરી છે. ભારતમાં પણ આવી સુવિધાઓ વધી રહી છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં તેનો અભાવ છે. મેડિસિન્સ વિધાઉટ બોર્ડર્સ જેવી સંસ્થાઓ આવા કેસોમાં મદદ કરે છે, પરંતુ મૂળ સમસ્યા વ્યસન છે. ભારતમાં આલ્કોહોલ વ્યસનના કારણે પરિવારો તૂટે છે, બાળકો અનાથ થાય છે, અને અર્થતંત્રને કરોડોનું નુકસાન થાય છે. તેથી વ્યસન મુક્તિ કેન્દ્રોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. આ કેન્દ્રોમાં કાઉન્સેલિંગ, યોગ, મેડિટેશન અને ગ્રુપ થેરપી થાય છે, જે વ્યસનીઓને મૂળ કારણો સમજાવે છે અને તેમને નવું જીવન આપે છે. કેરળ અને ચંડીગઢ જેવા રાજ્યોમાં આવા કેન્દ્રો સફળ રહ્યા છે, જ્યાં હજારો લોકો વ્યસનમુક્ત થયા છે. પરંતુ દેશભરમાં વધુ કેન્દ્રો, મફત સારવાર અને જાગૃતિ અભિયાનો જરૂરી છે. હિન્દુ પરંપરાઓ પણ આમાં મદદરૂપ થઈ શકે છે, જેમ કે ધ્યાન અને આધ્યાત્મિકતા દ્વારા મનને શાંત કરવું.

આ બધું જોતાં સ્પષ્ટ થાય છે કે મિથેનોલ જેવા ઝેરી દારૂથી બચવા માટે વ્યસન મુક્તિ જ જરૂરી છે. ભારતમાં દર વર્ષે વધતા કેસો – જેમ કે ૨૦૨૫માં થાય તેવા – દર્શાવે છે કે સરકાર, એનજીઓ અને સમાજનો સહયોગ લઈને કાર્ય કરવું પડશે. કોઈ અનિયમિત સ્વાદવાળા પીણાંથી દૂર રહો. વ્યસનીઓ માટે રિહેબ કેન્દ્રોમાં જવું એ જીવનની શરૂઆત છે, જેથી આવા દુઃખદ અંતને ટાળી શકાય. આ સંકટને તકમાં બદલીને ભારત વ્યસનમુક્ત સમાજ બની શકે છે, જ્યાં દરેક વ્યક્તિ સ્વસ્થ અને સુખી જીવન જીવે.

(આંકડા અને માહિતી વેબ સ્ત્રોતો પરથી લેવામાં આવી છે, જેમ કે WHO અને સ્થાનિક રિપોર્ટ્સ.)

## શબ્દ સંજોગ-૨૧૧૦



**આડી ચાવી :**

(૧) ગઈકાલ અને આવતી કાલની આગળ-પાછળનો દિવસ (૩)
(૩) એક રાશિ (૩)
(૬) ...મટી એટલે વૈદ વેરો (૩)
(૭) વન, જંગલ (૩)
(૮) રાત્રિ ભોજન (અં) (૩)
(૧૦) એક સુગંધીદાર પદાર્થ (આ-અ)(૩)
(૧૨) અને (૧)
(૧૩) માનવવાચક શબ્દ (૧)
(૧૪) ચાંદી કે સોનાનું અતિશય પાતળું પતરું (૩)
(૧૬) એક.....ને એવી ટેવ (૩)
(૧૯) ચિંતન....કરો (૩)
(૨૦) બારણું (આ-અ) (૩)
(૨૨) તાબે-વશ (૩)
(૨૪) દાનત એવી........ .....(૪)
(૨૫) રાજય (૨)
(૨૬) એક ગળી વાનગી (૩)
(૨૭) એક સંત (૩)
(૨૮) એક અંગ્રેજી તોલ (૨)

**ઉભી ચાવી :**

(૧) મહિલાઓને આ બહુ ભાવે (૩)
(૨) એક જળચર પ્રાણી (૩)
(૩) અટકયા વગરની મુસાફરી (૩)
(૪) કપનો સાથીદાર (૩)
(૫) સોનું, ધંતુરો (૩)
(૯) દ્રષ્ટિ (૩)
(૧૧) અથવા (૩)
(૧૪) ખપત(આ-અ) (૪)
(૧૫) એક ફરસાણ (૩)
(૧૬) અંગ્રેજીમાં ચાંદો (૨)
(૧૭) એક અટક (૩)
(૧૮) ચળવળ (૩)
(૨૧) ....ના કરો (૪)
(૨૩) ધોબી (૩)
(૨૪) વિતેલા જમાનાની એક અભિનેત્રી (૩)
(૨૬) પૈસો, નાણું (૨)

## શબ્દ સંજોગ-૨૧૦૯ જવાબ

**આડી ચાવી:** (૧) હળધર (૪) રાહ (૭) રબર (૯) રોશન (૧૦) કમળ (૧૩) કુમક (૧૪) ખેર (૧૫) વપરાશ (૧૭) રવાલ (૧૯) પ્રે (૨૧) વલ્લભ (૨૨) મનવાર (૨૪) શરત (૨૫) લોખંડ (૨૬) મારફત.
**ઉભી ચાવી:** (૧) હવેલી (૨) ધરવ (૩) રબ (૫) હરોળ (૬) પાનખર (૮) રકમ (૧૧) મકર (૧૨) સંપ (૧૩) કુશ (૧૪) ખેલ (૧૫) વગવસીલો (૧૬) રાસભ (૧૮) વામન (૨૦) બોર (૨૨) મતમા(માતમ) (૨૩) વાકેફ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૯૦ | ૧૫૧૯ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૯૧૬ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૯૦ |
| બાજરી | ૩૨૫ | ૫૧૨ |
| મકાઇ | ૨૮૦ | ૩૮૦ |
| તુવેર | ૯૮૦ | ૧૩૧૩ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૯૨ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૯૪૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૮૫ |
| મગ | ૧૧૮૧ | ૧૬૭૧ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૦૪ |
| ચોળી | ૮૦૦ | ૧૩૯૩ |
| મઠ | ૯૦૦ | ૧૭૫૦ |
| વટાણા | ૧૨૫૦ | ૧૭૩૦ |
| કળથી | ૪૪૦ | ૭૨૫ |
| રાજમા | ૧૧૦૧ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૧૦૨૫ | ૧૩૯૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| તલી | ૧૯૧૦ | ૨૩૫૧ |
| એરંડા | ૧૧૩૦ | ૧૩૨૮ |
| અજમો | ૯૦૧ | ૧૬૫૦ |
| સુવા | ૧૦૫૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૮૪૦ | ૯૦૯ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૪૯૦ |
| કાળા તલ | ૩૪૫૦ | ૫૧૦૦ |
| લસણ | ૬૮૦ | ૧૦૭૫ |
| ધાણા | ૧૪૫૦ | ૨૦૩૧ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૬૫૦ |
| ધાણી | ૧૭૦૦ | ૧૯૫૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૯૭૫ |
| રાય | ૧૪૨૫ | ૧૮૬૫ |
| મેથી | ૯૫૦ | ૧૩૨૦ |
| ઇસબગુલ | ૧૩૫૦ | ૨૨૨૫ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૨૩૧ |
| કલોંજી | ૪૨૦૦ | ૪૬૮૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૩૨૫ |
| રજકાનુ બી | ૭૦૦૦ | ૮૯૦૦ |
| ગુવારનુ બી | ૮૦૦ | ૯૦૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૧ | ૪૨૩ |
| પપૈયા | ૬૦ | ૯૦ |
| બટેટા | ૨૧૫ | ૪૮૯ |
| ડુંગળી સુકી | ૪૫ | ૧૪૧ |
| ટમેટા | ૪૩૬ | ૮૨૧ |
| સુરણ | ૫૧૦ | ૭૧૨ |
| કોથમરી | ૨૪૧ | ૪૦૨ |
| મુળા | ૨૨૪ | ૩૫૪ |
| રીંગણા | ૪૯૭ | ૯૦૭ |
| કોબીજ | ૧૧૭ | ૨૪૮ |
| ફ્લાવર | ૩૧૧ | ૪૪૯ |
| ભીંડો | ૬૨૬ | ૯૪૭ |
| ગુવાર | ૯૧૭ | ૧૬૩૨ |
| ચોળાસીંગ | ૪૫૯ | ૭૭૮ |
| વાલોળ | ૬૩૭ | ૧૦૪૮ |
| ટીંડોરા | ૪૦૬ | ૯૧૩ |
| દુધી | ૧૮૭ | ૩૩૪ |
| કારેલા | ૫૯૧ | ૮૦૭ |
| સરગવો | ૧૯૦૭ | ૨૮૭૯ |
| તુરીયા | ૮૧૧ | ૧૧૨૩ |
| પરવર | ૯૨૫ | ૧૨૭૯ |
| કાકડી | ૪૭૮ | ૮૯૨ |
| ગાજર | ૨૨૪ | ૫૯૭ |
| વટાણા | ૯૮૨ | ૧૨૭૧ |
| તુવેરસીંગ | ૮૫૭ | ૧૨૯૧ |
| ગલકા | ૪૫૭ | ૬૦૨ |
| બીટ | ૨૧૫ | ૩૬૯ |
| મેથી | ૪૭૯ | ૬૨૪ |
| વાલ | ૭૫૧ | ૧૦૮૨ |
| ડુંગળી લીલી | ૩૦૧ | ૪૨૧ |
| આદુ | ૯૨૭ | ૧૧૦૭ |
| ચણા લીલા | ૨૦૬ | ૭૪૧ |
| મરચા લીલા | ૩૨૬ | ૭૧૧ |
| હળદર લીલી | ૩૮૨ | ૫૨૭ |
| લસણ લીલુ | ૧૨૧૪ | ૧૮૮૯ |
| મકાઇ લીલી | ૩૦૭ | ૪૧૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૦ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૩૭૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૩૫૬ |
| જીરૂ | ૨૫૫૧ | ૪૦૬૧ |
| ક્લોંજી | ૨૧૦૦ | ૪૫૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૦૮૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૪૧ |
| ડુંગળી લાલ | ૪૬ | ૨૮૧ |
| અડદ | ૯૫૧ | ૧૨૧૧ |
| તુવેર | ૮૫૧ | ૧૨૩૧ |
| રાય | ૧૮૨૧ | ૧૮૫૧ |
| મેથી | ૮૨૬ | ૯૮૧ |
| કાંગ | ૪૭૧ | ૫૮૧ |
| સુરજમુખી | ૬૦૧ | ૬૦૧ |
| મરચા | ૭૫૧ | ૩૭૫૧ |
| મગફળી જાડી | ૭૮૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૦૧૧ |
| મગફળી ૬૬ | ૮૭૧ | ૧૪૪૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૨૨૫૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૧૨૧ |
| ડુંગળી સફેદ | ૧૦૧ | ૨૯૧ |
| બાજરો | ૩૫૧ | ૪૫૧ |
| જુવાર | ૫૦૦ | ૮૬૧ |
| મગ | ૯૦૧૧ | ૧૪૮૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૦૧ |
| વાલ | ૭૫૧ | ૧૦૦૧ |
| ચોળા / ચોળી | ૩૨૧ | ૮૨૬ |
| સોયાબીન | ૭૨૧ | ૯૬૬ |
| ગોગળી | ૬૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૩૧૬ | ૧૬૭૬ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૩૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૩૬૦ | ૫૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૮૦ |
| અંબાળા | ૩૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૨૮૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૪ | ૯ |
| ફૂદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૪૦૦ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૭ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૪૦ |
| આદુ | ૫૮૦ | ૧૪૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૨ | ૮ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૭૧ |
| શીંગ ગીરનારી | ૧૦૦૦ | ૧૩૪૦ |
| શીંગ મોટી | ૭૧૦ | ૧૪૦૦ |
| શિંગ દાણા | ૧૧૦૦ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૩૦૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૫૯૦૦ |
| તલ કશ્મીરી | ૨૩૭૩ | ૨૪૫૦ |
| બાજરો | ૩૧૪ | ૩૭૦ |
| ઘઉં બંસી | ૫૩૧ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૬૪ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૫૯ |
| મકાઈ | ૪૦૨ | ૪૦૨ |
| મગ | ૯૨૦ | ૧૧૩૦ |
| અડદ | ૯૯૦ | ૧૧૬૦ |
| ચણા | ૭૭૦ | ૧૧૭૧ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૦૮૧ |
| છોલે ચણા | ૧૨૫૧ | ૧૫૫૦ |
| કપાસ | ૯૭૦ | ૧૫૫૩ |
| એરંડા | ૧૦૮૩ | ૧૨૮૦ |
| જીરૂ | ૨૬૫૦ | ૪૦૦૦ |
| મેથી | ૭૮૫ | ૧૦૮૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૦૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૯૯ |
| રજકાનુ બી | ૫૩૦૦ | ૭૮૦૦ |
| મરચા લાંબા | ૧૨૦૦ | ૪૨૦૦ |
| કાંગ | ૫૨૨ | ૫૨૨ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૧૦ | ૪૧૦ |
| રીંગણા | ૬૧૦ | ૧૧૧૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૫૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૫૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૫૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૮૧૦ | ૧૦૧૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૨૧૦ | ૧૩૧૦ |
| આમળા | ૫૧૦ | ૬૧૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૨૧૦ | ૧૪૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૨૦ | ૪૨૦ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૨૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૧૪૧૦ | ૧૮૧૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૧૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૭૫ | ૧૩૦૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૪૧૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૫૦૦૦ | ૫૩૫૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૫૨ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૭ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૨ |
| બાજરો | ૪૫૦ | ૫૫૨ |
| જુવાર | ૫૫૦ | ૧૨૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૧૭ |
| ચણા | ૮૫૦ | ૧૦૩૨ |
| તુવેર | ૮૫૦ | - |
| એરંડી | ૧૦૫૦ | - |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૭ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૫૫ |
| કપાસ મીડીયમ | ૯૪૦ | ૧૨૭૦ |
| મગફળી | ૧૦૨૧ | ૧૩૫૯ |
| તલ સફેદ | ૧૫૯૫ | ૨૧૧૫ |
| જીરૂ | ૩૦૯૦ | ૩૯૯૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| અડદ | ૯૨૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૦૦ |
| મગ | ૧૨૨૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૭૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૬ | ૧૪૫૨ |
| કપાસ કોડી | ૯૧૬ | ૧૧૯૬ |
| મગફળી | ૮૦૦ | ૧૨૭૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૩૧ |
| ચણા | ૭૭૧ | ૧૦૫૫ |
| ચણા સફેદ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| કલોજી | ૩૦૫૦ | ૩૦૫૦ |
| તલ કાળા | ૪૦૦ | ૪૦૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| શિંગદાણા | ૧૦૩૦ | ૧૩૫૬ |
| મેથી | ૬૦૦ | ૭૦૦ |
| બાજરો | ૩૧૮ | ૩૧૮ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૭ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૫૩૮ |
| અડદ | ૯૨૫ | ૧૦૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૭૦૦ | ૧૮૭૫ |
| મેથી | ૯૦૦ | ૯૧૨ |
| રાય | ૧૫૦૦ | ૧૫૫૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૯૦૪ |
| લસણ | ૩૦૦ | ૫૭૦ |
| મગફળી | ૭૦૦ | ૧૨૦૮ |
| શીંગ ફાડા | ૭૦૦ | ૧૨૩૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૭૩ | ૧૫૪૮ |
| કપાસ ચીં ગ્રેડ | ૫૭૫ | ૫૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૦૦ | ૧૨૯૮ |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૧૭૫ |
| શીંગ ગીરનાર | ૯૪૦ | ૧૩૨૧ |
| શીંગ જી -૨૦ | ૮૮૧ | ૧૩૧૧ |
| બાજરી | ૩૩૮ | ૮૩૦ |
| બાજરો | ૮૦૦ | ૨૦૯૩ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૧૯ |
| મકાઈ | ૩૯૩ | ૩૯૬ |
| અડદ | ૭૨૫ | ૧૬૧૩ |
| મગ | ૭૧૬ | ૨૮૨૯ |
| સોયાબીન | ૬૩૦ | ૯૧૯ |
| ચણા | ૧૦૧૬ | ૧૧૮૭ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૧૭૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૭૮ |
| જીરૂ | ૩૫૭૧ | ૩૫૭૧ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૨૪ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૮૦ |
| ડુંગળી સફેદ એકસપોર્ટ | ૧૦૦ | ૮૦૧ |
| કપાસ શંકર | ૮૪૦ | ૧૫૧૫ |
| નાળીયેર | ૪૨૪ | ૨૫૪૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૧૭ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૧૦૪૧ | ૧૩૨૫ |
| સોયાબીન | ૭૪૧ | ૭૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૪૦૦ |
| મેથી | ૮૧૧ | ૮૧૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૭૧ | ૧૨૧૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૨૧ |
| તલ કાળા | ૪૩૭૫ | ૪૩૭૫ |
| કપાસ | ૯૫૦ | ૧૪૫૫ |
| બાજરો | ૪૨૬ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| જુવાર | ૫૦૧ | ૧૦૩૮ |
| અડદ | ૬૯૧ | ૧૦૬૦ |
| ચણા | ૭૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| મગ | ૫૦૧ | ૧૩૯૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૭૬ |
| અડદ | ૬૦૧ | ૧૧૪૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૦ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૬૧ |
| સફેદ તલ | ૧૫૦૧ | ૨૦૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૧૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૪૧ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૩૯૬ |
| મગફળી ૩૨ | ૯૨૫ | ૧૨૩૨ |
| બાજરો | ૩૬૫ | ૫૭૩ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૬૮૯ |
| જુવાર | ૭૦૦ | ૯૨૬ |
| અડદ | ૬૫૦ | ૧૪૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ | ૧૪૫૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૩૪૫૦ | ૫૩૦૫ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૦ |
| કાંગ | ૪૦૫ | ૫૦૫ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૬૦ | ૪૨૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૦ |
| મગ | ૧૨૪૦ | ૧૫૧૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૫૫ |
| ચોળી | ૧૩૦૦ | ૧૫૩૦ |
| વાલ | ૯૦૦ | ૧૧૦૫ |
| મેથી | ૪૦૦ | ૪૫૦ |
| ચણા | ૯૭૫ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૭૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૪૫ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૩૮૦ |
| મગફળી ૯ નં. | ૧૨૦૦ | ૧૫૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૨૫ |
| તલ | ૧૪૬૦ | ૨૪૭૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૮૬ |
| રાઈ | ૧૪૦૦ | ૧૮૬૦ |
| લસણ | ૫૫૦ | ૧૧૪૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૪૦૪૦ |
| અજમો | ૧૦૫૦ | ૨૯૧૫ |
| અજમાની ભુકી | ૬૦ | ૧૮૦૦ |
| ધાણા | ૧૮૦૫ | ૧૮૯૫ |
| મરચા | ૭૬૦ | ૩૩૮૫ |
| ડુંગળી સુકી | ૩૦ | ૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| વટાણા | ૩૫૦ | ૧૦૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતમાં દિવ્યાંગજનોના ઉત્કર્ષ માટે કાર્યરત રાષ્ટ્રીય સંગઠન 'સક્ષમ'નું જિલ્લા અધિવેશન યોજાયું

સુરત, તા.૦૧

દિવ્યાંગજનોના સર્વાંગી વિકાસ અને જીવન નિર્વાહની સમસ્યાઓના નિવારણ અર્થે કાર્યરત રાષ્ટ્રીય સંગઠન 'સક્ષમ' (સમદ્રષ્ટિ ક્ષમતા વિકાસ તથા અનુસંધાન મંડળ) દ્વારા સુરત મહાનગરનું જિલ્લા અધિવેશન કતારગામ સ્થિત સમસ્ત પાટીદાર સમાજની વાડી ખાતે યોજાયું હતું. સમસ્ત પાટીદાર સમાજ-સુરત સંસ્થાના સૌજન્યથી યોજાયેલા



આ અધિવેશનમાં ૪૦૦ જેટલા દિવ્યાંગજનો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશન ગુજરાત પ્રાંતના અધ્યક્ષ પ્રફુલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે સુરતના મેયર દક્ષેશભાઈ માવાણી તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહાનગર સંઘચાલક સુરેશભાઈ માસ્ટર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સંગઠન મંત્રી ચંદ્રશેખરજી તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. મનુભાઈ પુરોહિતે 'સક્ષમ' સંસ્થાના કાર્ય અને દ્દષ્ટિકોણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે રાજ્યના દિવ્યાંગ કમિશનર IAS વી.જે. રાજપૂતે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને દિવ્યાંગજનોના હક માટેના RPVD અધિનિયમની વિસ્તૃત સમજ આપી હતી.

# ચિતલ મિલન કોટેક્ષ ખાતે ટેકાના ભાવથી કપાસની ખરીદીનો પ્રારંભ

અમરેલી, તા.૦૧

ચિતલ મિલન કોટેક્ષ ખાતે કપાસની ખરીદીનો પ્રારંભ CCI (કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના નિર્ધારિત મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (MSP)ને અનુકૂળ ૧૬૧૨ રૂપિયાના ભાવથી કપાસની ખરીદી શરૂ થઈ છે. આ વ્યવસ્થા



ખેડૂતો માટે વધુ લાભદાયી અને પારદર્શક બનશે. મિલન કોટેક્ષ ચિતલના ભરતભાઈ દેસાઈએ જણાવ્યું કે ખેડૂતો "કપાસ કિસાન એપ" ડાઉનલોડ કરી પોતાની નોંધણી કરાવી શકે છે. આ ઓનલાઈન એપ્લિકેશન મારફતે, ખેડૂતો યોગ્ય અને ન્યાયસંગત ભાવ મેળવી શકશે. આ નવી પહેલનો ઉદ્દેશ ખેડૂત માટે પારદર્શકતા, ન્યાય અને કૃષિ ક્ષેત્રમાં આધુનિક તકનીકના ઉપયોગથી સ્થિરતા લાવવાનો છે.

**કેન્દ્ર સરકારના નિર્ધારિત મિનિમમ સપોર્ટ પ્રાઈઝ ૧૬૧૨ રૂપિયાના ભાવથી કપાસની ખરીદી શરૂ થઈ**

# અમરેલી ખાતે ૫૧૬૨મી ગીતા જયંતિની ઉત્સાહભેર ઉજવણી

અમરેલી,તા.૦૧

અમરેલીમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને શિક્ષણ વિભાગ દ્વારા ૫૧૬૨મી ગીતા જયંતિ નિમિત્તે જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવનું ભવ્ય આયોજન દિલીપ સંઘાણી હોલ ખાતે કરવામાં આવ્યું હતું, જે ભારતીય જ્ઞાન, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિના ઉત્સવરૂપ બની રહ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ શ્રીમદ્ ભગવદ્ ગીતા પર વક્તવ્ય, નાટ્યકૃતિ અને મનમોહક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી ગીતા જ્ઞાન અંગે વકતવ્ય આપ્યુ હતું. વિદ્યાર્થીઓએ ગીતાના ૧૨મા અધ્યાયનું કંઠસ્થ સમૂહગાન પણ કર્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં ચલાલા સંસ્કૃત શક્તિ ગુરુકુળના ડો. રતિદાદાએ ધર્મનું આચરણ, સત્યની નજીક રહેવા અને સમાજ હિતના સેવા કાર્યો કરતા રહેવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ધર્મને માત્ર



જાણવાથી નહીં, પણ આચરણમાં મૂકવાથી જ કલ્યાણ થાય છે. આ કાર્યક્રમના મુખ્ય વક્તા અર્જુન દવેએ જણાવ્યું કે સાંપ્રત સમયની સમસ્યાઓનો ઉકેલ અને વૈશ્વિક ચેતનાના મૂળ ગીતામાં રહેલા છે. તેમણે વિદ્યાર્થીઓને વિના સંકોચે પ્રશ્ન પૂછતા રહેવાની પ્રેરણા આપી હતી. તેમણે 'ગાંડીવ ઉપાડવા' એટલે કે ધર્મના રક્ષણ માટે સ્વયંમાં કૃષ્ણત્વ જગાડવા પર ભાર મૂક્યો હતો અને વ્યક્તિત્વ ઘડતરની પ્રક્રિયા સમજાવી હતી. બ્રહ્માકુમારી સંસ્થાના કિંજલ દીદીએ ગીતા જ્ઞાનને યોગના માધ્યમથી ધારણ કરી જીવનના કુરુક્ષેત્રમાં વિજય મેળવવાની વાત કરી હતી. જિલ્લા શિક્ષણ અધિકારી એમ.બી. ગોહિલનું સંસ્કૃત સપ્તાહ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ બહુમાન કરાયું હતું. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધોરાજીમાં દસ્તગીર ગ્રુપ અને મતવા માલધારી સમાજ દ્વારા ભવ્ય સમૂહ શાદી સમારોહ યોજાયો

ધોરાજી, તા.૦૧

ધોરાજી ખાતે દસ્તગીર ગ્રુપ અને ધોરાજી મતવા માલધારી સમાજના સંયુક્ત આયોજન હેઠળ સમૂહ શાદી સમારોહ ભવ્ય રીતે યોજાયો. બહાર પૂરા વિસ્તાર પાસે આવેલ હાજી ઈબ્રાહીમભાઈ કુરેશીના નિવાસસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ૫ દુલ્હા–દુલ્હનની શાદી ઈસ્લામિક રીત-રિવાજ મુજબ મૌલાના હાફિઝ હુસેન




સાહેબ મતવા દ્વારા કલમા પઢાવીને કરાવવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં દસ્તગીર ગ્રુપના બાબર સુલેમાનભાઈ મચ્છીવાલા તથા તેમની ટીમનું યોગદાન રહ્યું હતું. સમાજના આગેવાનો હાજી ઈબ્રાહીમભાઈ કુરેશી, હાજી મોહમદભાઈ મતવા, પ્રમુખ હાજી અમીનભાઈ મતવા સહિતના આગેવાનોએ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

# ઉનાના કેસરીયા નજીક વીજ વાયર અડી જતા ઘાસ ભરેલા ટ્રેક્ટરમાં આગ લાગી

ઉના,તા.૦૧

ઉનાના કેસરીયા નજીક ભેભા રોડ પર ૬૬ KV વીજ લાઈનના જીવંત વાયરના સંપર્કમાં આવતા ઘાસ ભરેલા ટ્રેક્ટરમાં આગ લાગી હતી. આ ઘટનામાં ૨૩ ગાંસડી ઘાસ બળીને ખાખ થઈ ગયું હતું. આ ઘાસ વન વિભાગ દ્વારા ખેડૂતોને પશુઓ માટે આપવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ઉના પંથકમાં કમોસમી વરસાદને કારણે ખરીફ



પાક નિષ્ફળ ગયો હતો, જેના પગલે પશુઓ માટે ઘાસચારાની અછત સર્જાઈ હતી. સરકારે વન વિભાગ દ્વારા ખેડૂતોને ઘાસ આપવાનું નક્કી કર્યું હતું. આ માટે ગીરગઢડા રોડ પર એક ડેપો ખોલવામાં આવ્યો હતો. વહેલી સવારે કેસરીયા ગામના ૧૧ ખેડૂતો ઉનાથી ઘાસચારો લઈને એક ટ્રેક્ટરમાં પરત ફરી રહ્યા હતા. ભેભા રોડ પર સહદેવભાઈ ચૌહાણની વાડી નજીક ટ્રેક્ટર પહોંચતા જ, નીચા ઝૂકેલા વીજ વાયરો ઘાસના સંપર્કમાં આવ્યા અને આગ ભભૂકી ઉઠી. આગ લાગતા ખેડૂતોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, આસપાસની વાડીઓમાંથી પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લેવામાં આવી હતી. આગને કારણે ટ્રેક્ટરની ટ્રોલીને પણ નુકસાન થયું હતું.

# ટીંબલા ગામના કાઠી સમાજના ચકચારી આપઘાત કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલો કોર્ટે સ્વીકારી**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં ટીંબલા ગામના કાઠી સમાજના વિવાદિત આપઘાત કેસમાં કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છુટકારો આપી દીધો છે. આ કેસમાં સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોથી અમરેલી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ આર.વી. બુખારીએ નિર્ણય આપ્યો. આ મામલો ૯ જૂન ૨૦૨૧ના રોજ શરૂ થયો હતો, જ્યારે અસ્મીતાબેન, જેના લગ્ન ભગીરથભાઈ સાથે થયા હતા, ઝેરી દવા પી અને આપઘાત કરી લીધો હતો. અસ્મીતાબેનના પરિવારના જણાવ્યા મુજબ, તેમને પતિ અને સાસરિયા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો



હતો, જેના કારણે તેણે જીવનથી હારી આપઘાત કર્યો હતો. ફરિયાદી તરફથી ગુનાનો આરોપ લગાવવામાં આવ્યો હતો, અને ગંભીર તપાસ બાદ, એફ.એસ.એલ. રીપોર્ટ, ડોકટરોની જુબાની અને અન્ય પુરાવાઓ પર આધાર રાખીને જજે નિર્ણય આપ્યો. ઉલ્લેખનીય છે કે, આ કેસ દરમિયાન ભગીરથભાઈનું અકસ્માતમાં અવસાન થયું હતું. બંને પક્ષ કાઠી સમાજના હોવાથી સમાધાનના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તે સફળ ન થયા. અંતે, કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી દીધા હતા.

# ધોરાજીના ખાખરાપા વિસ્તારમાં જર્જરિત મકાનની દિવાલ ધરાશાયી : પાંચ વર્ષની બાળકી ઈજાગ્રસ્ત

ધોરાજી, ૦૧

ધોરાજીના ખાખરાપા વિસ્તારમાં આવેલ ત્રણ માળના જર્જરિત મકાનની દિવાલ વહેલી સવારે ધસી પડતાં સૈયદ પરિવારની પાંચ વર્ષની બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ઘટનાના સમયે મકાનમાં ત્રણ વ્યક્તિઓ હાજર હતા. ઈજાગ્રસ્ત બાળકીને નજીકની હોસ્પિટલથી વધુ સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવી હતી. દિવાલ ધરાશાયી થતાં રહેણાંક વિસ્તારમાં દહેશત ફેલાઈ હતી. સ્થાનિકોએ જણાવ્યા મુજબ નગરપાલિકાને અગાઉથી જાણ



કરવામાં આવી હોવા છતાં તંત્ર સમયસર પહોંચ્યું ન હતું. થોડા દિવસો પહેલાં પણ આ વિસ્તારમાં જર્જરિત મકાન ધસી પડયું હતું.

# તુલસીશ્યામ ખાતે ભવ્ય અન્નકૂટ મહોત્સવ શ્યામધામમાં ભાવિકોની ભીડ ઉમટી પડી

તુલસીશ્યામ, તા.૦૧

તુલસીશ્યામ ખાતે આજે અગિયારસ નિમિત્તે ભવ્ય અન્નકૂટ મહોત્સવ, મહા આરતી, રાજભોગ તથા ગરમકુંડ સ્નાનનો લાભ



હજારો શ્યામભાવિકોએ લીધો હતો. વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્યામ ભગવાનનો અભિષેક અને મહા આરતી કરી ૫૬ ભોગનો રાજભોગ ધરાવવામાં આવ્યો હતો. ગરમકુંડમાં સ્નાન માટે ભાવિકોની ભીડ જોવા મળી હતી. ભારે જનમેદની વચ્ચે મહાપ્રસાદનું વિતરણ થયું હતું. ટ્રસ્ટી યોગેન્દ્રભાઈ, ગૌતમભાઈ, નાગેશ્રી મહેશભાઈ સહિત શ્યામ યુવા ગ્રુપ અને કાઠીયાવાડ શ્યામ સેવકો હાજર રહ્યા હતા.

# ધોરાજીના સ્વાતિ ચોક ખાતે નિઃશુલ્ક ઓર્થોપેડિક કેમ્પ યોજાયો : ૯૦ વર્ષીય વૃદ્ધાના થાપાની સફળ સર્જરી

ધોરાજી, તા.૦૧

ધોરાજીના સ્વાતિ ચોક ખાતે ઓર્થોપેડિક રોગો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. કુણાલ નવલે દ્વારા હાડકા અને સ્નાયુના રોગોથી પીડાતા દર્દીઓની નિઃશુલ્ક તપાસ કરી જરૂરી સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત, એક



તસવીર : નયન કૂહાડીયા

મહત્વપૂર્ણ કિસ્સામાં ધોરાજીના ૯૦ વર્ષીય વૃદ્ધાના થાપાની સફળ સર્જરી પણ કરવામાં આવી હતી.

**આંતરારાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવિણ તોગડિયાના જન્મદિવસે**

# અમરેલી સહિત સૌરાષ્ટ્ર પ્રાંતના જિલ્લાઓમાં સેવાકિય પ્રવૃત્તિઓ હાથ ધરાશે

દામનગર,તા.૦૧

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયાના જન્મદિવસ નિમિત્તે તા. ૧૨/૧૨/૨૫ના રોજ અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પ્રાંતમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સૌરાષ્ટ્ર પ્રાંતના દરેક જિલ્લા, તાલુકા, શહેર અને ગામમાં ૭૦ હજાર હિન્દુ



ઘરોમાં હનુમાન ચાલીસાના પાઠ કરાવવાનું આયોજન છે. હિન્દુ હ્રદય સમ્રાટ ડૉ. તોગડિયા છેલ્લાં વર્ષોથી હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની રક્ષાનું કાર્ય કરી રહ્યા છે. ડો.પ્રવિણ તોગડિયાએ પ્રયાગ કુંભમાં એક કરોડ હિન્દુઓને ભોજન, એક લાખ ધાબળાનું વિતરણ અને પાંચ લાખ લોકોને ડોકટર દ્વારા દવા વિતરણ જેવી સેવાઓ આપી છે. સેવાના ભેખધારી ડૉ. તોગડિયાના જન્મદિવસે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે કાર્યકરો અને સંગઠનો દ્વારા જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે.

# સા.કુંડલા ખાતે ગીતા જયંતિ, વિશ્વ એડ્સ દિન અને કાકા સાહેબ કાલેલકર જન્મજયંતિની ઉજવણી

સા. કુંડલા, તા.૦૧

સાવરકુંડલા શહેરના મણીભાઈ ચોક પાસે આવેલ શ્રી બ્રાંચ શાળા નંબર બે કન્યા શાળામાં આજે ગીતા જયંતિ, વિશ્વ



એડ્સ દિન અને કાકા સાહેબ કાલેલકર જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસર પર, શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા અત્રે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા. ગીતા જયંતિ માટે ભક્તિસભા અને શાસ્ત્રિય પરંપરાઓનું અનુસરણ કરવામાં આવ્યું, જ્યારે કાકા સાહેબ કાલેલકર જન્મજયંતિ અને એડ્સ વિષયક જાગરૂકતા માટે ટોક શો અને માહિતીપ્રદ કાર્યક્રમો યોજાયા. આ ઉજવણીનો ઉદ્દેશ સમાજમાં શ્રદ્ધા, જાગરૂકતા અને સકારાત્મક ચેતના ફેલાવવાનો હતો.

**CHANGE OF NAME**

I Undersigh I MUNJPARA MAHESHWARIBEN VIKRAMBHAI have changed my name from MUNJPARA MAHESHVARI VIKRAMKUMAR To MUNJPARA MAHESHWARIBEN VIKRAMBHAI Now i will be known MUNJPARA MAHESHWARIBEN VIKRAMBHAI
Sigh : MUNJPARA MAHESHWARIBEN VIKRAMBHAI
Address: 29,SHIV RESIDANCY-2, OPP KHARAVADI. LILIYA ROAD, AT-AMRELI-365601

**CHANGE OF NAME**

I Undersigh I MUNJPARA VIKRAMBHAI RAMESHBHAI have changed my name from MUNJPARA VIKRAMKUMAR RAMESHCHANDRA To MUNJPARA VIKRAMBHAI RAMESHBHAI Now i will be known MUNJPARA VIKRAMBHAI RAMESHBHAI
Sigh : MUNJPARA VIKRAMBHAI RAMESHBHAI
Address: MADHAV,BLOCK-29,SHIV RESIDANCY-2. LILIYA ROAD, OPP KHARAVADI AT-AMRELI-365601

# અલ ફલાહ યુનિવર્સિટીના સ્થાપકને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલતી દિલ્હી સાકેત કોર્ટ

નવીદિલ્હી,તા.૧

દિલ્હીની સાકેત કોર્ટે અલ ફલાહ યુનિવર્સિટીના સ્થાપક જાવેદ સિદ્દીકીને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે. અલ ફલાહ યુનિવર્સિટીના સ્થાપક તરીકે જાણીતા જાવેદ સિદ્દીકી દિલ્હી પોલીસના સભ્ય છે. દિલ્હીમાં તાજેતરના આતંકવાદી હુમલા બાદ તપાસ એજન્સીઓ દ્વારા જાવેદની ધરપકડ કરવામાં



આવી હતી. સુનાવણી બાદ, કોર્ટે જાવેદ સિદ્દીકીને ૧૪ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો. આનો અર્થ એ થયો કે આ સમય દરમિયાન તપાસ એજન્સી દ્વારા પૂછપરછ માટે તેમને જેલમાં મોકલવામાં આવશે. અલ ફલાહ યુનિવર્સિટીના માલિક જાવેદ અહેમદ સિદ્દીકી (૬૧) ત્રણ વર્ષથી જેલમાં છે. તેમણે અગાઉ ચિટ ફંડનું સંચાલન કર્યું હતું. ત્યારબાદ તેઓ લોકોના પૈસા ચૂકવવામાં નિષ્ફળ ગયા. તેમની સામે ચૌદથી પંદર એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એવું માનવામાં આવે છે કે તેમણે આ પૈસાનો ઉપયોગ યુનિવર્સિટી સ્થાપવા માટે કર્યો હતો. જોકે, બાદમાં તેમણે બધાના પૈસા પરત કર્યા અને તમામ કેસોમાં નિર્દોષ જાહેર થયા.

# સંસદમાં નાટક બંધ કરો અને વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા કરો : કોંગ્રેસ પ્રમુખ ખડગે

નવીદિલ્હી,તા.૧

કોંગ્રેસ પાર્ટીએ વડાપ્રધાનના નિવેદનનો વિરોધ કર્યો છે, તેમને સૌથી મોટા ડ્રામા ક્વીન પણ કહ્યા છે. કોંગ્રેસ પાર્ટીનું આ નિવેદન સંસદના શિયાળુ સત્રની શરૂઆત પહેલાં મીડિયા સાથે વાત કરતા પીએમ મોદીએ વિપક્ષ પર સંસદમાં નાટક કરવાનો આરોપ લગાવ્યા બાદ આવ્યું છે. પ્રધાનમંત્રીએ વિપક્ષને હારની હતાશાને બાજુ પર રાખીને સંસદમાં અર્થપૂર્ણ



ચર્ચામાં જોડાવા અપીલ કરી હતી. ખડગેએ કહ્યું, "નાટક બંધ કરો અને વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા કરો." સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરેલી પોસ્ટમાં, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે લોકોના વાસ્તવિક મુદ્દાઓને સંબોધવાને બદલે, વડાપ્રધાન મોદીએ ફરી એકવાર નાટકનો આશરો લીધો છે. ખડગેએ કહ્યું, "સરકાર છેલ્લા ૧૧ વર્ષથી સંસદીય શિષ્ટાચાર અને વ્યવસ્થાને સતત કચડી રહી છે, અને આવી ઘટનાઓની લાંબી યાદી છે." ખડગેએ લખ્યું, "ભાજપે હવે આ વિચલિત કરનાર નાટક બંધ કરવું જોઈએ અને સંસદમાં વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા કરવી જોઈએ અને લોકોનો સામનો કરવો જોઈએ." કોંગ્રેસ પ્રમુખે કહ્યું, "સામાન્ય માણસ બેરોજગારી, મોંઘવારી, આર્થિક અસમાનતા અને દેશના સંસાધનોની લૂંટ સામે ઝઝૂમી રહ્યો છે. સત્તામાં બેઠેલા લોકો નાટક કરી રહ્યા છે અને સત્તાના ઘમંડથી ભરેલા છે. ખડગેએ કહ્યું, "એસઆઈઆર પ્રક્રિયાના કામના ભારણને કારણે બીએલઓ સતત પોતાનો જીવ ગુમાવી રહ્યા છે."

# નેપાળમાં ૪.૪ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી લોકોમાં ભય

કાઠમંડુ,તા.૧

ભારતના પડોશી દેશ નેપાળ ફરી એકવાર ભૂકંપથી હચમચી ઉઠ્યું છે. નેપાળના સુદૂર પશ્ચિમ પ્રાંતના બજહાંગ જિલ્લામાં આ ભૂકંપ આવ્યો. રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂકંપથી તાત્કાલિક કોઈ નુકસાનના અહેવાલ નથી. ભૂકંપ સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨:૦૯ વાગ્યે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર બજંગ જિલ્લાના માઉન્ટ સૈપાલ હતું. NEMRC એ અહેવાલ આપ્યો છે કે પશ્ચિમ પ્રાંતના બાજુરા સહિત પડોશી જિલ્લાઓમાં લોકોએ ભૂકંપ અનુભવ્યો હતો. થોડા દિવસો પહેલા જ નેપાળમાં બે ભૂકંપ આવ્યા હતા. નેપાળનો બજંગ જિલ્લો સૌથી સક્રિય ટેક્ટોનિક ઝોન (ભૂકંપીય ઝોન ૪ અને ૫) માં સ્થિત છે, જે તેને ભૂકંપ માટે અત્યંત સંવેદનશીલ બનાવે છે. દર વર્ષે અહીં અનેક ભૂકંપ આવે છે.

# દેશના બીજા કવાર્ટરના આર્થિક વિકાસના આંકડા જાહેર : જીડીપી દર ૮%થી વધ્યો

મુંબઈ,તા.૧

દેશના બીજા ક્વાર્ટરના આર્થિક વિકાસના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. બધી અપેક્ષાઓને અવગણીને, દેશનો જીડીપી વૃદ્ધિ દર ૮% ને વટાવી ગયો છે. દરમિયાન, ઓક્ટોબરમાં ફુગાવો રેકોર્ડ નીચા સ્તરે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું દેશના બેંકિંગ નિયમનકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ સમિતિ



૫ ડિસેમ્બરે રેપો રેટ ઘટાડવાનો નિર્ણય લેશે? ઘણા નિષ્ણાતો માને છે કે આરબીઆઇ એમપીસી આ વખતે વ્યાજ દરમાં ઘટાડો અટકાવશે. વધુમાં, બજેટ રજૂ થયા પછી દરમાં ઘટાડો લાગુ થવાની સંભાવના છે. નિષ્ણાતો કહે છે કે આ વર્ષે આરબીઆઇ દ્વારા લાગુ કરાયેલ ૧% દર ઘટાડો સામાન્ય લોકો સુધી સંપૂર્ણપણે પહોંચ્યો નથી. બીજી તરફ, દર ઘટાડા આર્થિક વિકાસને ઉત્તેજીત કરવા માટે રચાયેલ છે. બીજા ક્વાર્ટરમાં વૃદ્ધિ ૮% થી વધુ થઈ ગઈ છે. એવો અંદાજ છે કે ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં દેશનો વિકાસ પણ ૭.૫% થી વધુ થશે. તેથી, દર ઘટાડા માટે કોઈ વાજબીપણું નથી.

# મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યનું આજે મતદાન, રાજકીય પક્ષો વચ્ચે સ્પર્ધા

મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજકીય પક્ષો તૈયાર છે. મહાયુતિ અને મહા વિકાસ આઘાડી વચ્ચે કઠિન સ્પર્ધાની આગાહી કરવામાં આવી રહી છે. આ ચૂંટણી એક રીતે મહાયુતિ માટે એક અગ્નિપરીક્ષા છે. કારણ કે ૨૦૨૪ માં, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના મહાયુતિ (મહાગઠબંધન) એ વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ વિજય મેળવ્યો હતો, જેમાં ૨૮૮ માંથી ૨૩૫ બેઠકો જીતી હતી, જ્યારે મહા વિકાસ આઘાડી (મહાગઠબંધન) ને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે મતદાન ૨ ડિસેમ્બરે થવાનું છે. ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતો માટે મતદાન થશે, જે સુપ્રીમ કોર્ટ દ્વારા ફરજિયાત ત્રણ તબક્કાની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો છે. રાજકીય નિષ્ણાતો કહે છે કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓના પરિણામો, એક રીતે, મહાયુતિનો એક વર્ષનો કાર્યકાળ નક્કી કરશે.

# તમાકુના ઉત્પાદન પર જીએસટી વધીને ૪0% થશે, સેસ હવે રાજ્યના બદલે કેન્દ્ર સરકારને મળશે

નવીદિલ્હી,તા.૧

નાણામંત્રી સંસદમાં બે બિલ રજૂ કરશે. આનાથી તમાકુ પરનો જીએસટી ૨૮% થી વધીને ૪0% થશે, પરંતુ કુલ કર એ જ રહેશે. ગ્રાહકોના ખિસ્સા પર તાત્કાલિક કોઈ અસર થશે નહીં, કારણ કે આ બિલો એમઆરપી વધારશે નહીં. નવો સેસ આરોગ્ય યોજનાઓ અને રાષ્ટ્રીય સુરક્ષા પર ખર્ચવામાં આવશે. પહેલાં, સેસ રાજ્યો પાસે



જતો હતો, પરંતુ હવે કેન્દ્ર સરકારને સશક્ત બનાવવામાં આવશે. સંસદનું શિયાળુ સત્ર ૧ ડિસેમ્બર, ૨૦૨૫ થી શરૂ થયું છે. પહેલા દિવસે, નાણામંત્રી નિર્મલા સીતારમણ બે મુખ્ય બિલ રજૂ કર્યા. સેન્ટ્રલ એક્સાઇઝ એમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૫, અને હેલ્થ એન્ડ નેશનલ સિક્યુરિટી સેસ બિલ, ૨૦૨૫. આ બિલો સિગારેટ, ગુટખા અને પાન મસાલા જેવા તમાકુ ઉત્પાદનો પર જીએસટી ૨૮% થી વધારીને ૪0% કરવા માંગે છે. આ બિલો જૂના સેસ (સેસ) ને બદલશે અને નવો કર રજૂ કરશે. સિગારેટ પર અગાઉ ૨૮% જીએસટી વત્તા નોંધપાત્ર સેસ લાગતો હતો. હવે, ૪0% જીએસટી વત્તા ઓછો સેસ વસૂલવામાં આવશે.

# પ્રભાસ પાટણના પીઆઈ મંજૂરી વગર માંદગીની રજા પર ઉતરી જતા સસ્પેન્ડ

ગીર-સોમનાથ,તા.૧

રાજ્યમાં ગીર-સોમનાથના પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર મંજૂરી વગર જ માંદગીની રજા પર ઉતરી જતા તેમની સામે આકરા પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડાએ તેમની સામે એક્શન લીધું છે. પોલીસ ઈન્સ્પેક્ટર મંજૂરી વગર જ માંદગીની રજા પર જતાં જિલ્લા પોલીસ વડાએ તેમને સસ્પેન્ડ કરી



દીધા છે. આ પગલાંના લીધે પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ. વી. પટેલ ફરજ બજાવે છે. તેઓ ફરજ પર મંજૂરી ન હોવા છતાં પણ રજા પર ઉતર્યા હતા. તેમણે પોતાના ભત્રીજાના લગ્ન માટે રજા માંગી હતી. પૂરતી રજાઓ મંજૂર ન થતાં તેઓ મંજૂરી વગર જ માંદગીની રજા પર ઉતરી ગયા હતા. તેના કારણે જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાએ તેમની સામે આકરા પગલાં લઈ સસ્પેન્ડ કરી દીધા હતા. પ્રભાસ પાટણના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. વી. પટેલ સામે જિલ્લા પોલીસ વડા જયદીપસિંહે તાત્કાલિક અસરથી સસ્પેન્શનની કાર્યવાહીએ પોલીસ બેડાને સ્તબ્ધ કરી દીધું છે. જિલ્લા પોલીસ વડાની આ કાર્યવાહીને કારણે સમગ્ર જિલ્લામાં પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. આ પગલાંના કારણે અન્ય પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓમાં પણ રજા માંગવાને લઈને અનેક પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# ડિજિટલ એરેસ્ટના કૌભાંડની તપાસ સીબીઆઈને સોંપો : સુપ્રીમ કોર્ટનો આદેશ

નવીદિલ્હી,તા.૧

દેશભરમાં ઝડપથી વધી રહેલા 'ડિજિટલ એરેસ્ટ'ના કૌભાંડોની ગંભીરતાને ધ્યાનમાં લઈને સુપ્રીમ કોર્ટે એક મોટો આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે દેશભરમાં સાયબર ક્રાઈમના આ પ્રકારના કેસની તપાસની જવાબદારી સીબીઆઈને સોંપી દીધી



છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બેન્ચે દેશભર રાજ્યોને આદેશ કર્યો છે કે, ડિજિટલ એરેસ્ટના વિવિધ કેસની તપાસ માટે રાજ્ય સરકારો સીબીઆઈને સંમતિ આપે. આ રાજ્યોમાં વિપક્ષ દ્વારા શાસિત પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કર્ણાટક અને તેલંગાણાનો પણ સમાવેશ થાય છે.

# કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનને ઈડીએ ૪૬૬ કરોડની કથિત ગેરરીતિ માટે નોટિસ ફટકારી

તિરુવનંતપુરમ,તા.૧

એવું લાગે છે કે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનની મુશ્કેલીઓ વધી રહી છે. કેઆઈઆઈએફબી અને વરિષ્ઠ અધિકારીઓ વિરુદ્ધ ફેમા ઉલ્લંઘન નોટિસ ફટકારવામાં આવી છે, અને ૪૬૬ કરોડની રકમ પર પ્રશ્નો ઉભા થયા છે. પિનરાઈ વિજયન કેઆઈઆઈએફબીના ચેરમેન છે.

૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) ના ઉલ્લંઘન બદલ કેરળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ શરૂ કર્યું છે. કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી. આ નોટિસ આશરે ૪૬૬.૯૧ કરોડના કથિત ગેરરીતિઓ સાથે સંબંધિત છે.

માહિતી અનુસાર, કેઆઈઆઈએફબીએ લંડન અને સિંગાપોર સ્ટોક એક્સચેન્જ પર ૨૬૭૨.૮૦ કરોડના મસાલા બોન્ડ જારી કર્યા છે.

# સરહદ પારથી આશરે ૧૦૦-૧૨૦ આતંકવાદીઓ ઘૂસણખોરી કરવા માટે તૈયાર: આઈજી અશોક યાદવ

નવીદિલ્હી,તા.૧

બીએસએફના સ્થાપના દિવસે બીએસએફ કાશ્મીરના આઈજી અશોક યાદવે જણાવ્યું હતું કે સરહદ પારથી આશરે ૧૦૦-૧૨૦ આતંકવાદીઓ ઘૂસણખોરી કરવા માટે તૈયાર છે, પરંતુ બીએસએફ દરેક મોરચે તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે ઓપરેશન સિંદૂર પછી, આતંકવાદીઓએ બે વાર ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. સેનાએ ઘૂસણખોરીનો પ્રયાસ કરનારા ૧૩ આતંકવાદીઓમાંથી




આઠને ઠાર માર્યા હતા. તેમણે કહ્યું કે તમામ પડકારો છતાં, બીએસએફ રાષ્ટ્રની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

# હું ૩૭ વર્ષનો છું, હું ફક્ત એક જ ફોર્મેટ રમીશ: વિરાટ કોહલી

રાંચી,તા.૧

રાંચીમાં રમાયેલી પહેલી વનડેમાં ભારતે દક્ષિણ આફ્રિકાને ૧૭ રનથી હરાવ્યું. ભારતની જીતમાં વિરાટ કોહલીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. વિરાટે શાનદાર બેટિંગ કરી અને સદી ફટકારી. આ ઈનિંગને કારણે, ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકા માટે ૩૫૦ રનનો લક્ષ્યાંક રાખવામાં સફળ રહી. વિરાટ કોહલીને આ શાનદાર ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચનો



એવોર્ડ મળ્યો. આ એવોર્ડ જીત્યા પછી, વિરાટ કોહલીએ ટેસ્ટમાં વાપસીની અફવાઓ પર પોતાનું મૌન તોડ્યું છે.

રાંચી વનડેમાં કોહલીએ ૧૩૫ રનની ધમાકેદાર ઈનિંગ રમી. તેણે ૧૨૦ બોલનો સામનો કર્યો અને ૧૧ ચોગ્ગા અને સાત છગ્ગાની મદદથી ૧૩૫ રન બનાવ્યા. આ વિરાટ કોહલીની વનડે ક્રિકેટમાં ૫૨મી સદી છે. મેચ પછી, તેને મેચ પછીના પ્રેઝન્ટેશનમાં પૂછવામાં આવ્યું કે શું તે ફક્ત એક જ ફોર્મેટ રમવાનું ચાલુ રાખશે. આનો જવાબ આપતા કોહલીએ કહ્યું, "આવું હંમેશા માટે રહેશે. હું હવે ૩૭ વર્ષનો છું. હું ફક્ત એક જ ફોર્મેટ રમીશ." વિરાટ કોહલીએ આજની મેચ વિશે કહ્યું કે આવી મેચમાં રમવું સારું લાગે છે. પીચે ૨૦-૨૫ ઓવર સુધી બેટ્સમેનોને સારો ટેકો આપ્યો, ત્યારબાદ તે ધીમી પડી ગઈ. મારો એકમાત્ર હેતુ દરેક બોલ રમવાનો અને ક્રિકેટનો આનંદ માણવાનો હતો. હું ક્યારેય વધારે પડતી તૈયારીમાં માનતો નથી. હું મેચ માટે માનસિક રીતે તૈયારી કરું છું. જ્યાં સુધી મારી ફિટનેસની વાત છે, તે સારી રહી છે, અને પછી હું બેટિંગ વિશે વિચારું છું. જો મને સારું લાગે, તો બધું બરાબર છે.

# ગુજરાતી ફિલ્મ 'લાલો'એ ભારતમાં ઈતિહાસ રચ્યો, કમાણી ૧૦૦ કરોડને પાર

અમદાવાદ,તા.૧

'લાલોઃ શ્રીકૃષ્ણ સદા સહાયતે' ગુજરાતી સિનેમા ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી ફિલ્મ બની ગઈ છે. આ ફિલ્મ ભારતમાં ૧૦૦ કરોડની કમાણી કરનાર પ્રથમ ગુજરાતી ફિલ્મ બની છે. પિંકવીલાના આંકડા પ્રમાણે ફિલ્મએ છઠ્ઠા વીકેન્ડમાં ભારતમાં ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. પિંકવીલાના રિપોર્ટ પ્રમાણે આ ગુજરાતી ફિલ્મએ ભારતભરમાં ૧૦૧.૫૦



કરોડ જેટલું કલેક્શન કર્યું છે. જેમાંથી ૯૨ કરોડની કમાણી ગુજરાતમાં તો ૯ કરોડની કમાણી મહારાષ્ટ્રમાં થઈ છે. ગુજરાતમાં, લાલોઃ શ્રીકૃષ્ણ સદા સહાયતે બાહુબલીઃ ધ કન્ક્લુઝનને પાછળ છોડીને અત્યાર સુધીની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ તરીકે ઉભરી આવી છે અને હવે તે પુષ્પાઃ ધ રૂલથી થોડી પાછળ છે. આ ફિલ્મ રાજ્યમાં ૧૦૦ કરોડ રૂપિયાની કમાણી કરનારી ફિલ્મ તરીકે પુષ્પાની ક્લબમાં સામેલ થઈ શકે છે. ફિલ્મ આઠમાં સપ્તાહના અંતે ભારતભરમાં કાંતારા બાદ બીજા સ્થાને છે. છઠ્ઠા સપ્તાહના અંતે બંને ફિલ્મો વચ્ચે તફાવત ૪૦ ટકાનો હતો, જે હવે ઘટી ૨૦ ટકાનો થઈ ગયો છે. પાછલા સપ્તાહે એવી અટકળો હતી કે ફિલ્મ તેના આઠમાં સપ્તાહમાં રેકોર્ડ તોડી શકે છે, પરંતુ બુધવારે ફિલ્મના કલેક્શનમાં ઘટાડો જોવા મળ્યો હતો, ત્યારથી તેનું કલેક્શન સ્થિર થયું છે. પરંતુ આ નવા સપ્તાહે ફિલ્મ હજુ રેકોર્ડ તોડી શકે છે. લાલો હવે ભારતમાં રૂ. ૧૧૦-૧૧૫ કરોડના બિઝનેસનો લક્ષ્યાંક ધરાવે છે. તેનું હિન્દી ડબ વર્ઝન રિલીઝ કરવાની યોજના છે, જે તેની કમાણીમાં વધારો કરશે.

# જૂનાગઢના ઝૂમાં નવો પ્રોગ્રામ લોન્ચ થતા સિંહ પાંજરામાં રહીને પણ જંગલ જેવો શિકારી બનશે

જૂનાગઢ,તા.૦૧

જૂનાગઢ સ્થિત સક્કરબાગ ઝૂ, જે એશિયાટિક સિંહોના સંવર્ધન માટે વિશ્વભરમાં જાણીતું છે. ત્યાં સિંહોની શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવી રાખવા માટે એક નવી અને અનોખી વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. જે રીતે માણસ પોતાના શરીરને ફીટ રાખવા માટે કસરત કરે છે. તે જ રીતે ઝૂના સિંહો પણ પાંજરામાં આળસુ ન બને અને જંગલની જેમ સક્રિય રહે



તે માટે એક ખાસ 'એનરીચમેન્ટ' પ્રોગ્રામ ચાલી રહ્યો છે. આ નવા પ્રયોગોથી સિંહોમાં નોંધનીય અને સકારાત્મક સુધારો જોવા મળ્યો છે. સક્કરબાગ ઝૂના વેટરનરી ઓફિસર રિયાઝ કડીવારે આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય એશિયાટિક લાયનના સંવર્ધન માટે જાણીતું છે. જેમાં ખાસ કરીને વાઈલ્ડ એનિમલ બ્રીડિંગ કરવામાં આવે છે. જ્યારે કોઈ પણ વન્ય પ્રાણીને જંગલ (વાઈલ્ડ અવસ્થા) માંથી કેપ્ટિવિટી (પાંજરા) માં લાવવામાં આવે છે ત્યારે તેના સ્વભાવ અને ક્રિયાઓમાં ઘણા ફેરફારો થાય છે. પાંજરામાં બંધ રહેવાથી સિંહો આળસુ બની જાય છે. તેમની શારીરિક અને માનસિક નબળાઈ વધે છે. અને તેમનું કુદરતી વર્તન બદલાઈ જાય છે.

# ગુજરાતમાં એસઆરઆઈની કામગીરીમાં અત્યાર સુધીમાં ૪૧ લાખ મતદારોના નામ કમી

અમદાવાદ,તા.૦૧

ગુજરાતમાં મતદાર યાદી સુધારણામાં જબરદસ્ત વાત બહાર આવી છે. આ મતદાર યાદી સુધારણામાં અત્યાર સુધીમાં ૪૧ લાખ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. તેમાં ૨૦ લાખ મતદારોના નામ કાયમ માટે સ્થળાંતર થતાં દૂર કરાયા હતા, લગભગ ૧૫ લાખ મતદારોના નામ મૃત્યુ પામેલા હોવાના કારણે દૂર કરાયા તો સાડા ત્રણ લાખ




મતદારોના નામ સરનામા પર સતત ગેરહાજર રહેવાના કારણે દૂર કરાયા હતા. તો અઢી લાખ મતદારોના નામ રીપીટેડ હોવાથી દૂર કરાયા હતા. આ બતાવે છે કે ગુજરાતમાં એક સમયે ૬૦ લાખ મતદારોના નામ બહાર નીકળશે તેમ કહેવાતું હતું, આંકડો તેની નજીક પહોંચી રહ્યો છે. હજી તો કામગીરી ચાલુ છે અને ચોથી ડિસેમ્બર સુધી ચાલવાની છે. તે જોતાં ૬૦ લાખ નામ કમી થાય તો આશ્ચર્ય નહીં થાય. ગુજરાતમાં મતદાર યાદી સુધારણાની કામગીરીએ વેગ પકડ્યો છે અને રાજ્યમાં ગઈ વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં મતદાન કરનારા પાંચ કરોડથી વધુ મતદારોના ગણતરી ફોર્મનું વિતરણનું કામ પૂરુ થઈ ગયું છે. હવે ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

# ભચાઉ નજીક ગેસનું ટેન્કર આગનો ગોળો બનીને ધડાકાભેર ફાટતા પાંચ વાહન બળીને ખાખ

ભુજ,તા.૦૧

ભચાઉના કટારિયા તીર્થ પાસે ગેસ ભરેલું ટેન્કર આગનો ગોળો બનીને ધડાકાભેર ફાટ્યું હતું. જૂના કટારિયા ઓવરબ્રિજથી માળિયા તરફ જતા નેશનલ હાઈવે પર આ દુર્ઘટના ઘટી હતી. એલપીજી ગેસ ભરેલા ટેન્કરમાં આગ લાગ્યા બાદ બ્લાસ્ટ થતા નજીકની હાઈવે હોટેલ પાસે ઊભેલાં ચારથી પાંચ જેટલાં ટ્રક અને ટ્રેલર પણ આગમાં ભસ્મિભૂત થઈ ગયા હતા. જોકે, સદનસીબે ફાયર વિભાગે આ ગમખ્વાર આગ પર કાબૂ મેળવી લીધો છે. આ મોટી દુર્ઘટનામાં હજી સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. તો બીજી બાજુ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. આગ કયા કારણોસર લાગી તેને લઈ ફાયર વિભાગ તપાસ કરી રહ્યું છે. આ દુર્ઘટનામાં કોઈએ આગ લગાડી છે કે અચાનક જ આગ લાગી તે દિશામાં તપાસ ચાલી રહી છે. આ ગમખ્વાર અકસ્માતમાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ભચાઉ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર દોડી જઈને યુદ્ધના ધોરણે આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

# ધારાસભ્ય મેવાણીના ચર્ચાસ્પદ નિવેદન બાદ કોંગી નેતાઓનો જૂથવાદ સામે આવ્યો

અમદાવાદ,તા.૦૧

સાડા ત્રણ દાયકાથી ગુજરાતમાં કોંગ્રેસ સત્તાવિહોણી છે છતાં ય પાર્ટી હજુ જૂથવાદ અને ટાંટિયાખેંચમાંથી બહાર આવતી નથી. મેવાણીના મુદ્દામાં કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટી પણ જોડાઈ ગઈ છે. પરંતુ મેવાણીની વાત આવે ત્યારે કોંગ્રેસના આ એકેય નેતા તેની પડખે હોતા નથી, મેવાણીની વાત આવે ત્યારે કોંગ્રેસના ભલભલા નેતાઓ



તેના મુદ્દાથી અંતર જાળવતા હોય છે. તો બીજી તરફ અમિત ચાવડા અને જિગ્નેશ મેવાણી વચ્ચેના મતભેદ પણ કોંગ્રેસમાં જાણીતા છે. બંને એક મંચ પર સાથે હોતા નથી. આવું અસંખ્યવાર બન્યું છે. ત્યારે કોંગ્રેસના જિગ્નેશ મેવાણી વર્સિસ બાકીના નેતાઓની રાજનીતિ શું છે તે જોઈએ. 'બકલ પટા ઉતરી જશે' એ વિધાન આજકાલ ગુજરાતમાં ચર્ચાસ્પદ છે. દારૂ, જુગાર, ડ્રગ્સની બદી ગુજરાતમાં વધી રહી છે, પોલીસની રહેમનજર હેઠળ આ બધું ચાલે છે એવા આક્ષેપો સાથે થરાદ પોલીસ સાથે જાહેરમાં જીભાજોડી કરીને કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ ચર્ચા જગાવી હતી. પોલીસને વખોડતા મેવાણીના વિધાનો સામે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'ડિગ્રી છે, પણ સંસ્કાર નથી' એવું નિવેદન આપ્યું. પોલીસ વડાએ પણ 'ડિપાર્ટમેન્ટ સિવાયના લોકોની ધમકીને તાબે ન થવા' કહ્યું. એ પછી મેવાણીની વિરુદ્ધમાં પોલીસ પરિવારોએ રેલી કાઢી હતી.

# ધારાસભ્ય ચૈતર વસાવા સાથે જોડાયેલા અનેક લોકો દારૂના ધંધાર્થી : મનસુખ વસાવા

અમદાવાદ,તા.૦૧

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે જોડાયેલા અનેક માણસો દારૂનો ધંધો કરે છે તેવો દાવો ભાજપના સાંસદ મનસુખ વસાવાએ કર્યો હતો. તાજેતરમાં જ મનસુખ વસાવા અને ચૈતર વસાવા બંને એકબીજા પર આકરા પ્રહારો કરી રહ્યા છે તેમાં આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લાના પ્રમુખના ભાઈ પાસેથી દારૂની બોટલો મળી આવી હતી. ભદ્રેશ વસાવા પાસેથી દારૂની ૧૧ બોટલ પકડાતા રાજકારણ ગરમાયું હતું. મનસુખ વસાવાએ દાવો કર્યો હતો કે ફક્ત ૧૧ બોટલ મળી, તેમાં પાંચ પેટી દારૂ હતો જેને સગેવગે કરી દેવાયો હતો. આમ એક ભાઈ દારૂનો ધંધો કરે અને બીજો વિધાનસભ્ય ભાઈ પોલીસના માથે માછલા ધોવે. આમ ચૈતર વસાવાના બંને હાથમાં લાડવા છે તેવો કટાક્ષ પણ તેમણે કર્યો હતો. ચૈતર વસાવાની સાથે જોડાયેલા કેટલાય માણસો દારૂના ધંધા સાથે સંકળાયેલા છે તેમ તેમણે જણાવ્યું હતું.

# પાલનપુરના ચડોતર ગામ નજીક 'આપ'ની ખેડૂત મહાપંચાયતમાં દારૂ, ડ્રગ્સનો મુદ્દો સૌથી વધુ ચર્ચામાં

પાલનપુર,તા.૦૧

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર નજીક ચડોતર ગામે સોમવારે×આપ×નીખેડૂતમહાપંચાયત યોજાઈ. આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી, વિસાવદર ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત આપ નેતાઓ પાલનપુર ખાતે પહોંચ્યા. ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈ યોજાયેલી આ ખેડૂત મહાપંચાયતમાં તાજેતરમાં



ગુજરાતની રાજનીતિમાં ચર્ચાસ્પદ બનેલો દારૂ અને ડ્રગ્સનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો. દારૂ અને ડ્રગ્સ મુદ્દે આપ નેતાઓએ પણ અનેક નિવેદનબાજી કરી ૨૦૨૭માં આપની સરકાર બનાવવા લોકોને વિનંતી કરી હતી. આગામી સ્થાનિક સ્વરાજ્ય અને ૨૦૨૭ વિધાનસભાને લઈ ભાજપ હોય કે કોંગ્રેસ અલગ અલગ કાર્યક્રમો દ્વારા મતદારોમાં પોતાનું પ્રભુત્વ જમાવવાના પ્રયાસો કરી રહ્યા છે. તે વચ્ચે ગુજરાતમાં આમ આદમી પાર્ટી પણ ઠેર ઠેર ખેડૂત મહાપંચાયતોનું આયોજન કરી ખેડૂતોને એકઠા કરી રહી છે. સોમવારે બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર નજીક ચડોતર ગામે ×આપ×ની ખેડૂત મહાપંચાયતનું આયોજન કરાયું હતું.

# રાજ્યમાં વાહનચાલકો બેફામ બન્યા : અમદાવાદ અને સુરતમાં હીટ એન્ડ રનથી બે લોકોના મોત

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ અને સુરતમાં થયેલા બે માર્ગ અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતકના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. સુરત શહેરમાં ઉધના–મગદલ્લા રોડ ઉપર બનેલા માર્ગ અકસ્માતમાં એક બાઈક ચાલકનું દુઃખદ મોત થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ યુનિવર્સિટીથી ગ્રેટ લાઈનર બ્રિજ તરફ ઉતરતી વખતે બાઈક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામનાર યુવાનની ઓળખ પ્રિન્સ પટેલ તરીકે થઈ છે. ઘટના સમયે તેણે હેલ્મેટ ન પહેર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે, જેને



કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અમદાવાદના એસજી હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. આજે(૧ ડિસેમ્બર) વહેલી સવારે ગાંધીનગરથી નોકરી જવા બાઈક પર નીકળેલા કથન ખરચર નામના યુવકને અજાણ્યા વાહનચાલકે નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી હતી. યુવકને ટક્કર વાગતા ઘટનાસ્થળે જ મોત થયું છે.

# તથ્ય પટેલની ચાલતી ટ્રાયલમાં સાક્ષીએ લેખીત અરજી કરી, મારી તબિયત ખરાબ હોવાથી જુબાનીમાંથી મુક્તિ આપો

અમદાવાદ,તા.૦૧

તથ્ય પટેલ કેસની ચાલતી ટ્રાયલ દરમિયાન એક મહત્વપૂર્ણ ઘટના સામે આવી છે. કેસના એક મુખ્ય સાક્ષીએ કોર્ટ સમક્ષ લેખિતમાં અરજી કરી છે કે તેમની તબિયત હાલમાં ઠીક નથી, જેના કારણે તેઓ કોર્ટમાં હાજર રહી જુબાની આપી શકશે નહીં. સાક્ષી દ્વારા રજૂ કરાયેલી આ અરજીને ધ્યાનમાં લઈ કોર્ટે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી છે.





કોર્ટે આ અરજી મુદ્દે જિલ્લા ડેપ્યુટી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટને સ્પષ્ટ સૂચના આપી છે કે સાક્ષીની તાત્કાલિક અને વાસ્તવિક ધોરણે મેડિકલ તપાસ કરાવવામાં આવે. તપાસમાં સાક્ષીને વાસ્તવિક રીતે કઈ બીમારી છે, શું તકલીફ છે અને તેઓ હાલ કોર્ટ સમક્ષ હાજર થવા સક્ષમ છે કે નહીં તે બાબતોનું નિષ્ણાત ડોક્ટરો દ્વારા મૂલ્યાંકન કરવાનું રહેશે.

# ફાયર વિભાગમાં લાયકાત નહી, ઓળખાણ જોઈએ એએમસીમાં ભરતીને લઈ કોગ્રેસે કર્યા આક્ષેપ

અમદાવાદ,તા.૦૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ના ફાયર વિભાગમાં આસિસ્ટન્ટ સ્ટેશન ઓફિસર્સની ભરતી, જે કોઈપણ લેખિત પરીક્ષા વિના માત્ર મૌખિક ઈન્ટરવ્યુ દ્વારા લેવામાં આવી રહી છે, તેના પર વિવાદ ઉભો થયો છે. વિપક્ષ કોંગ્રેસ પાર્ટીએ ફાયર બ્રિગેડમાં ભરતી કૌભાંડનો આરોપ લગાવ્યો છે. વર્ગ ૩ અને ૪ કર્મચારીઓ માટે લેખિત પરીક્ષાઓ જરૂરી છે, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગમાં આસિસ્ટન્ટ સ્ટેશન ઓફિસર્સ માટે ફક્ત ઈન્ટરવ્યુ જરૂરી છે. કોંગ્રેસે માંગ કરી છે કે આ ઈન્ટરવ્યુ રદ કરવામાં આવે અને લેખિત પરીક્ષાઓ દ્વારા ભરતી કરવામાં આવે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જુલાઈ ૨૦૨૪ માં આસિસ્ટન્ટ સ્ટેશન ઓફિસર્સ માટે ભરતી નોટિસ જારી કરી હતી. કુલ ૮ આસિસ્ટન્ટ સ્ટેશન ઓફિસર્સની ભરતી થવાની છે.










